વાએજો.

રાહનુમાં શભા તરફથી એરવદ શેરી
આરજી દાદાભાઈ ભરૂચાએ રૂઆંન
નો કીરીઆ કરવા વીશે કોધે
લી (૫) વાએજનો રદીઓ.



બનાવનાર,
મોબેદ રતનજી રૂશાતમજી કાંગા.

કીંમત ચાર આના.

મુંબઈ વરતમાંન પરેસ.

સને ૧૨૫૩ ઈઅજદેજરદી.
સને ૧૮૮૪ ઇશાવી.

દીબાચો : ૨૧૩૨

જરથોશતી શાહેબો—આજે કેટલાંએક વરશ થએઆં રાહાનુમાએ શભા હુભી થઇછે, જેઓએ કેટલીએક ખુતપરશતી અને તેને મલતાં કાંમોનો બોલાશો કરી, જરથોશતી ધરમમાં શુધારો કરેઓ હતો પણ પછી પોતાની મરજી પરમાંણે પોતાનાં વીચારનું, પોતાની મતલબોનું, પોતાની શખુન પરવરીનુ આગલ દગલું ભરવા લાગા હતા, જે વીશે જરથોશતી ટોલામાં દીનચુશત જરથોશતીઓમાં મોહટો ગભરાત મચી રહયો હતો, તેટલુંજ નહી કેટલાએક મુખય શાહેબોની કાલજીથી અને દશતુરો તથા મોબેદોના એકશંપીને લીધે, રાહે રાશત નામની મોહટી શભા ઊભી થઇ હતી અને તેઓએ તેઓનાં ભલા વીચારો આપવા શાથે ટોલાની ખાતરી કરી આપી હતી. પણ તેઓ થોરે થોરે વરશે કઇ નહી ને કોઇબી ભાંજગડ કરતાજ રેઆ હતા, તેથી ભંજગડનું દગલું ભરતાજ ગીઆ પણ તેથી મતલબી બાબદ વીશે કોઇ ચોકશ રીતે ફાવેઆ નહી અને આ ચાલુ વરશ શાલ ૧૨૫૩ નું તેઓએ પોતાનાં ધારવેલાં કાંમોમાં ફતેમંદ જોઇને જેથી પાછા મેદાન પરેઆ છે અને પોતાની શખુન પરવરી પાર ઉતારવા ચાહેછે, કારણકે હાલનાં મુંબઇનાં બંધો દશતુરોમાં તથા મોબેદોમાં, જે નજીબો વાંધો ઉથો હુબો થએઓ છે, તેઓ એક બીજાનાં મોહટા શતરૂ તરીકે જાહેર પડેઆછે, તેવે શમે મેદાંન ખાલી શમજી રાહનુમાએ શભા, જે બાબદો વીશે આગલ બોલી બોલી થાકી હતી, તેનેજ મલતું બોલવા ઇઆ બીજા પોતાને મલતા મોબેદોને પોતાની તરફીણમાં લઇ, તેઓ પાશે બોલાવા મેદાંન પરીછે, અને પોતાનાં આગલા કુથલાને મલતાં તેવા મોબેદ પાશે ભાશણો કરાવે છે, હેવા દેખાવનાં ભાશન ૫) થએઆં તે ભાશાં-

નમાં ઘણો ભાગ પોતાની મતલબને અને શખુન પરવરીને મલતો શમજાવામાં આવેઓછે, તેવી શમજાવતો વીશે, ભોલા અને દીનચુશત તથા પોતાનાં બાપીકા ધરમ ઉપર અને તે ધરમનાં કરમાંનો ઉપર એતબાર રાખનારા જે જરથોશ ती શાહેબો છે; તેઓને હમો ચેતવણી કરીએછે કે ખુબ શંભાલ રાખવી, એકજ તરફી શમજી દીમાંદોલ મન કરવું નહી. હું એ ગાનુમાએ શભાને, તે શભાના મુખે શરનશીન શાહેબને, તથા શેઠ ખરશેદજી રૂશતમજી કાંમાંજીને, અને હાલ શમજાવા નીકલેલા મોબેદ શેહેરીઆરજી દાદાભાઈ ભરૂચાને, નમન તાઇ શાથે અરજ કરૂચ કે હાલના શમજાવા વોશે, તેની મતલબો વીશે જાહેર બેથક મારા જેવા ફકીરની શાંમને તકરાર કરવાને જરૂર કરવી, હમો એ શમજાવતોમાં કેટલી એક શમજાવતો ખોટી પાડવાને તઇઆર છેજીએ, અને ફરી થી શરનશીન શાહેબને તથા કાંમાજી શાહેબને અરજ કરૂંચ કે આફતાબી વરશ વીશે, એટલે જમશેદી નાવરોજ વાશેની હમારી સાતેની તકરાર જે હધુરી રાખીછે, તેનું શું કીધું. જેને માશ (૧૬) ભોગવાઇ ગીઆ છે. શું દરએક તકરારે હધુરી મેલી, નવું નવું બીજું સમજાવા બાહાર આવવું કે, એક કાંમ પુરૂં કરી અને પછી બીજું પકડવું. અરે જરથે શતી અકાબરો, અરે રાહે રાશત શભામાંનાં નામદાર શાહેબો, અરે ધરમને હદે ધરનારા ધરમી શેઠીઆવો, ગફલતી માં કરો, હાવો બોધ, હાવી શમજાવતો, આગલ ફેલાવા માં દેવો અને એ શભાની શાંમને ખરી હરીફાઇ કરવા બાહાર આવો. અગર તમો કઇ મતલબને વાશતે જાહેર પડવા ચાહતા નહી હોવોતો પઇશાની આંનગી મદત કરો હમો પોતે એ શભાનું ઉલટું બોલવું, ઊલટું સમજાવવું, મતલબી વીચારો, તકરારની અંદર દેખાડો આપવા થામરત છેઇએ, એજ.

રાનુમા સભા તરફથી જરથોસતીઓની મુએલી લાશ પુથે શું કીરીઆ કરવી, અને શું નહીં કરવી તે વીશે જે ભાંશાન ૫) એરવદ શેરીઆરજી દાદાભાઈ ભરૂચાએ કરેઆં છે તે ભાશાનોના રદીઆ તરીકે હમે કોટખાતે, ધોબીતલાવખાતે, મેદાંનમાં ભાશાનો કરેઆંછે. તે વીશેનો હેવાલ.

ભાશાંણ (૧) લું.

શરનશીનની ખુરશી શેઠ નવરોજી ફરદુનજીએ લીધાબાદ કેહી શમજાવીઉ હતુ કે ભરૂચ શેહેરનો હું વતનીછેઉ. તેમ જ એરવદ શેરીઆદજીબી છે. એવંનાં બાવા મારા મીતર થાએછે. તેવને મારી બલાંમનથી એવંને મુંબઈ મોકલેઆ હતા. શેરીઆદજીએ જે બંદોબ મેલવીઉછે તેનુ ફલ આપ સુને આજે આપશે. હમોએ એતલે રાનુમા શભા તરફથી ૫ ચીશ વરશની વાત ઉપર જે ગુજરેલાંની લાશ થેકાંને પાદવા તથા તેની કીરીઆ શું કરવી. તે વીશે ગની જોશતેજો કરવા માં આવી હતી. પણ હાલમાં જરથોશતી ધરમમાંજે વધારો થ

એઓછે, તેની રૂએ એ અગતની બાબદમાં ધરમનાં પુશતકોમાં લખાએલા દાખલા શોધી કાડી એક રશાલો લખાવએઓછે તે રશાળાવીશે શુ કરવું તેનુ ચોકશ નથી પણ હાલમાં ભાશાંનોથી શેરીઆરજી તમારી ખાતરી કરશે. શાહેબો એ વીગરે વારે ગડાએ ભાશાંન કરતાની તારીખ કરવામાં કઇ કશુર કરી હતી નહી. અલબત એકતો શેરીઆરજી ભરૂચનાં અને શરનશીનબી ભરૂચનાં. વલી શેરીઆરજીનાં બાવાશાતે દાશતી તથા શરનશીન શાહેબેજ બોલાવેલા. વલી પચીશવરશ ઊપર હાલનાં ભાશાંનને મલતી બાબદો એટલે તકરારો એ બલીશભાએ હુભીકરેલી પણ જરથોશતી ધરમમાં તેવખતે શુધારો થએલો નહી હતો તે શેરીઆરજીએ શુધારો કરવા ઘણી મેનતથી ભંદોળ મેલવી એક પુશતક રચીઊછે. આફરીન હેવો શુધારો તથા કેલવની કેઆ પેગમબર શાહેબે એવંને આપી હોશે કે ગીઆં પચીશ વરશના અરશામાં તો કોઇથી બોલાશો એ સભાની ખાતરી પુરવક થએઓ નહી, એટલે એ શભાની મરજી પરમાણે કોઇથી બોલાશો થએઓ નહી. તો અલબત આપણે હેવું ધારવું જોઇએ કે હાવી શમજાવતો પેહેલ વેહલી હીંદુસતાનમાં આવેઆ પછી જોવા માંગશું તો, એરવદ શેહેરીઆરજી ભરૂચાની છે, જેમ ઇરાંનમાં વખશુરે વખસુરાંન, જરથોશત પેગમબર સાહેબે શાહા ગોશતાસપનાં વખતમાં, પેહેલવેહેલો શમજાવતો આપી હતી તેમ.

એરવદ શેરીઆરજી દાદાભાઇ ભરૂચાએ ભાશાંન શરૂ કરતાં બોલેઆ કે માણશ ગુજરવાપછી, જરથોશતી ગુજરેલાં પુઠે શું કરવું. તે વીશે રશાલો રાહનુમાએ શભાતરફથી બનાવાને મને સોંપીઉં, તે વખતે મને ગ્નાન કમ હતું તેમાં વધારે ધરમનાં દાખલા લેઇ કોશેશ મે કરીછે. મારા રશાલામાં જે જણાવી

ઉં છે, તેમાં મારી પોતાની તરફનું થોડુંજછે અને શગલું ધરમ પુશતકોનાં દાખલાથી ભરેલું છે.

હમો એ એરવદ શાહેબને નમનવાઇ શાથે પુછીએચ કે તમારી તરફનુ થોડું લખાંણ નહી લેવામાં આવતે તો ચાલતે કે નહી, જેવારે શઘલું ધરમ પુશતકોમાંથી લીધું તેવારે તમારી તરફનું થોડું લેવાનું કારણ શું, અને ધરમ પુશતકો તે કોઆં ધરમ પુશતકો. તેનું નાંમ જણાવવું જોઇતુ હતું, કે ફલાનું પુશતક, ફલાનાએ બનાવેલું, ફલાના વરશમાં જનમ પામેલું, હેવું જણાવાની તશદી લેવી જોઇતી હતી. કારણકે તમારા શરનશીનના કેવા પરમાણે પચીશ વરશની વાત ઉપર હેવી ભાંજગડ કરી હતી પણ કોઇથી ખોલાશો નહી થએઓ અને ખોલાશો કરે તેવો કોઇ શીકેલો કે પુશતકો તેવણનાં જોવામાં નહી આવેલાં, બલકે તેવાં પુશતકો હોવાં જોઇએ નહી. વલી વાએજ કરતા બોલેઆ કે આપણે ગુજરેલાંની પુઠે કેવી કીરીઆ કરવી, તે વીશે એકજ પુશતકમાંથી લખાએલું મલતું નથી તે જુદે જુદે ઠેકાંણે જુદે જુદે વખતે લખાએલાં પુશતકોમાંથી મલી આવે છે, તેમાં કેટલાંએક અશલના અને કેટલાંએક પછવાડે બનેલાંમાંથી મલી આવેછે. બીજી શરવે કેતાબોનાં દાખલા દલીલો કરતાં આપણાં અશો જરથોશતનાં પાંચ ગાથામાંથી જે પુરાવા મલે છે, તેનેજ શરવથી શરશ શાહેદ તરીકે ગનવા જોઇએ, તે પછીનાં બીજા અવસતા છે, પતેતો, આફરીનો, દોઆઓ, એ અવશતા ઉતરતે દરજાનાં છે. તે પાજંદમાં છે. હવે એ મેરબાન શાહેબ એરવદ શેહરીઆરજીને શવાલ કરીએ કે તમોએ એ રશાલો પાંચ ગાથા ઉપરથીજ રચેઓચ, કે અશલ પુશતકોમાંથી રચેઓચ, કે પાછલાં પાજંદ લખાં

નમાંથી રચેલો છે, તેવીશે ખોલાશો કરવો. જેવારે જરથોશત શાહેબનાં બનાંવેલાં પાંચ ગાથાજ હોએ, તેવારે બાકી સ ગલી ઈજેશને; વંદીદા; વીશપરદનાં કરદાઓ; કોને બનાવેઆ અને કેઆ પાદશાહનાં વખતમાં બનેઆ; તેનો ખોલાશો કરવો જોઈએ. વલી પાજંદ અવશતા કોને બનાવેઆ, કેઆ વખતમાં બનેઆ, તે વીશે શરવેની ખાતરી કરવી હતી અ ને કરવી જોઈએ. હવે તમો શાહેબેતો પેહલા ગાથા પધવા ની શમજ આપી, કે ગેહેશારનાંની ક્રીઆ એ ગાથાથી થા એ છે, તેવારે પેહલા ગાથા ગેહે શારનાનેજ વાશતેહોએ તો (બાજ ૪) ગાથા કહે દાહડે, કેહી વખતે, કેઆં કારંને વાશ તે પઢવા જોઈએ, તે વીશે મેહેરબાંની કરી ટોલાની ખાત રી કરવી.) વલી બાશાંન કરતાએ આપણને શમજાવીઉ કે શા શાનીઆંન પાદશાહોના વખતમાં તે પછીનાં વખતમાં લખા એલી પેલવી ચોપડીઓ છે, અને રેવાએ તો છે, તે તમા મ લખાંનોને એક બીજા સાથે સરખાવીને આ બાશાંનો ની બાબદો ઊપજાવી કાડી છે અને પાછલા વખતની ચોપડી ઓમાંથી જે લખાણ મલીઆવીઉ છે, તે કેટલેક દરજજે ગાથા અને અવશતાને મલતું છે, તેનો તોલ કરી કેટલુએક ફરજ તરીકે કબુલ રાખીઉં છે, તે રેવાજોને બાહલ રાખવા ને બનીઉ છે. તે રેવાજો નીરદોશ છે, અને આપણને કઈબી રીતે નુકશાંન કરનારા નથી, તો તે લખાંનો અને રેવાજોને બી કશી વાતે વાંધા ભરેલું ગનીઉ નથી. વલી બાશાંન કરતા એવું સમજાવેઅ કે કોઈ રેવાજોને. મુલ અવશતાનો; ધરમ નાં પુશતકોનો, તેકો નહી હોવા છતાં, તે લખાનો પાછલા વખ તમાં વેમથી અથવા અંગરપનાંથી, અથવા દેખાદે ખીથી વધી ગીઆ છે. આપની ભલી માજદીઅશની દીનની

અશલ મતલબથી ઉલતા, આપનાં પાક ધરમને હીનું લગાડનારા જનાએઆછે. (મેરખાંન શાહેબો એક ગમ તેવાં લખાંનને શેહરીઆરજી પસંદ કરેછે, બીજી ગેમ આપણને શમજાવે છે કે તે રેવાજો ધરમને હીનું લગાડનાર, અને અશલ દીનની મતલબથી ઉલતાછે. તે કેહી કેહી કેતાબોમાં લખાએલું છે, તેનો બનાવનાર કોણ હતો, તે વીશે કંઇ ખોલલી રીતે આપણને શમજ પડે હેવું શમજાવીઉનથી, તે વીશે બાશાન કરતાએ ખોલાશો કરવો જોઇએ.) વલી શેહરીઆરજી આપણને પોતાનું નીરદોશપનુ દેખારવા શમજાવેચ, કે હું કંઇ જુનાં વીચારવાલા કે નવા વીચારવાલાની; તરફી કે વીરૂધ નથી, હું શરવેને એક શરખા માનુછેઉ. હું માતર એક અભ્આશી છેઉ, ફકત શચાઇની શોધ કરતાં જે મને મલી આવીઉ છે, તે શમજાવુંછેઉ અને હું એ બાબદમાં કોઇબી ભુલ કરતો હોઇશ; તે વગર, આંચકી ખાવે કબુલ કરૂ છેઉ, (મેરખાન શાહેબો બાશાંન કરતા ખોલલી રીતે આપણને જનાવેચ કે હું અભ્આશ કરૂચ, મારી ભુલ કંઇબી થતી હોએ, તે હું વગર તકરારે કબુલ કરૂચ. એટલાંમાંજ આપણને શમજવું જોઇએ કે ભુલતો થઇ તે કબુલ કરૂચ અથવા કરશ. તેવારે હાવા રેશાલા ઉપર અને શમજાવતો ઉપર આપને કેટલો ભરોશો રાખીએ.)વલી બાશાંન કરતા માણસની બાંધની વીશે શમજાવતાં માણસના તનમાં જીવ તથા ફરોહર અને બોએ, વીગરે એક બીજાથી છુતાં પડે છે, તે વખતે માણસનો અંત આવે. હવે મીનોઇ ભાગો એક બીજાથી છુતા પડે. એટલે પાછા ફરે, એટલે જાંહાથી આવે તાંહાંજાએ (શાહેબો આપણે એ બાશાન કરતા શહેબ શેહેરીઆરજીને પુછશું કે તે તરંદો મીનો માણસનાં તનમાં એકજ વખતે શમાએચ, કે જુદી

જુદી વખતે. તેઓ પાછી મીનોઇ જેહાંનમાં સાથે જાએચ
કે જુદી જુદી વખતે. અને શેહેરીઆદજીએતો રૂઆંન તથા
ફરોહર વીશેજ આપનુને શમજાવીઉછે. પાઓ એટલેશું. તે વી
શે તો કાંઇ ખોલાશો કરઓ નથી અને માણસનાં બદનમાં
એ તરંદ,મીનો પદારથો કેઆ કઆ બાગમાં રહેછે, તે વીશેની
ખોલલું શમજાવેઉ નથી. જેમ પાદશાહા તથા વજીર અને
કોટવાલ વીશે શમજાવેઉ, તેવારે હું પુછુંચ કે,હાલ જેમ પાદ
શાહ,વજીર, કોટવાલ, જુદી જુદી જગાઓ ઉપર રહેછે. તેમજ
એ મીનોખી માણસના તનમાં, એકથાં રહેછે કેજુદાં જુદાં,
તે વીશે શમજાવવું જોઇતું હતું.) શેહેરીઆરજી આપણને
હેવું સમજાવેચ કે માણસનાં ને જાતના ભાગોથી પાકી બ
દન અને માનોઇ રવાંન સાથે રેવાથી બનેલું હતું. તે બે
હું બાગો તરફ જીવતાંઓએ ફરજ બજાવાનો આપનો ધર
મ બતાવે છે, જેથી રવાનની કીરીઆ બે ભાગમાં વેચાઉ
છે. ૧) ગુજરેલાંની લાશને ઠેકાણે પડવાની કીરીઆ અ
ને બીજી ગુજરેલાંનાં રૂઆન તરફ જીવતાંઓએ બજાવાની
ફરજોને લગતી કીરીઆ. ગુજરેલાંની લાશને ઠેકાણે પાડવા
ની જુદી જુદી રીતોછે. સરવે દાકટરો અને વીદવાનો; એ સ
રવે ઉશતાદો કબુલ કરે છે કે જરથોસતી ધરમની રીતી નુક
શાંન કરનારી નથી. વલી આપણને શમજાવીઉ કે સરવે કરતાં
થોરી નુકશાંન કરનારીછે. (જરથોસતી શાહેબો આપરા શેહેરી
આરજી કહેચ તે તપાશો. માણસના તનમાં ફરોહર અને ર
વાંન સાથે રેહવાથી માણસ બનેલું હતું. તેવારે તરીજી મીનો
શકતી બોઓ હેવું આપણને શમજાવેલું, તે બોઓ કાંહાં રે
તી હતી તે કંઇ સમજ પડતી નથી અને વલી રૂવાંનની
અને ફરોહરનીજ એ બે બાગની કીરીઆ કરવા સમજાવે

છ, તેવારે ઓએ વીશે તો આપણને ગુચવાડો પડે છે, તે વીશે તશદી લઈ ભાશાંત કરતાએ ખોલાશો કરવો જોઇએ. વલી આપણા પવીતર ધરમની ખુબી સમજાવતાં દાકટરનાં મત એરમાં મેલછે, પણ કેઓ જરથોસતી દાકટર, પોતાનાં બાપીકા ધરમની મુખ્ય શીકૃતો શીખી, તેનાં પવીતર ફરમાણ જાણી પછી દાકટર થએઓછે. તેઓનો ફકત પારકા ધરમ નીજ શીખતો શીખી, દાકટર બનેઆછે. તેવારે શવાલ કરવામાં આવેછે, કે પારકા ધરમની રાહા રશમ અને આપણા ધરમની રાહા રશમથી, કેટલી ઉલટીછે તે વીશે શેહેરીઆરજી ને ખબરછે કે નહી. તે ધરમમાં અપવીતરાઇ, અજીથ વ તાલ, આતશને મોમાં લેવો, આતશને પગે દાબવો, રીમની વીશે કંઇ અરચણ રાખવી નહી, ઇતીઆદી ઇતીઆદી. વલી શેહેરીઆરજી શમજાવેચ કે ગુજરેલાંની લાશને ઠેકાણે પાડવાની જુદીજુદી રીતીછે. પણ આપણે એ વીદવાન સાહેબને શવાલ કરશું કે તમોતો જરથોશતીઓનીજ લાશ ઠેકાણે પાડવા વીશે સમજાવા શરૂ કીધુંછે, તેવારે લાશને ઠેકાણે પાડવાની જુદી જુદી રીતી કેમ થઇ. શું આપણ શરવે જરથોશતી અથવા પોરા જરથોશતીઓ બીજી રીતે લાશને ઠેકાણે પાડીએચ, ઇઆ તે પરમાણે પાડવી જોઇએ. એતો શરવે કોમનાં ધરમની, તેનાં પેગમબરોથી શમજાવેલી રીતછે. તે આપણા ધરમ શાથે, તેનાં ફરમાનો શાથે, કંઇ લાગુ પડતી નથી. તે વીશે ગુચવાડો કરી બંબાન શમજાવાની કંઇ અગત હતી નહી.) વળી વાએજ કરતા શમજાવેચ કે માણસ ગુજરવા પછી કોતાતનું આલુ થાએછે, તેથી તેની આશપાશની હવામાં તથા જે ચીજો તે લાશને લાગે તે ચીજોમાં આપની આંખે દેખાએ નહી હેવાં, બા

રીક શુખશમો ફેલાએછે. એ રોગનાં ફેલાવાથી આપણાં જરથોસ્તી ધરમની ભાશામાં "દરૂજે નશુશનું ગાલેબ થવું" કરી કહેછે. (સાહેબો શેહેરીઆરજી કહેચ કે ધરમની ભાશા, તે વીશેનું હેવું આપણને જે સમજાવીઉં છે કે જાંણે ધરમ કંઇ છેજ નહી, જરથોશતીનો ભાશમાંથી નીકલતી ગંદગી અને જાહડ પાંન કોહીને તેમાંથી નીકલતી ગંદગી, તથા પ્રાંણીઓનાં શરીરની એટલે જાંનવરોનાં બદનમાંથી નીકલતી ગંદગી, એક સરખી રીતની છે. તેવારે હેવો સવાલ નીકલેઓ કે આપણા જરથોશતીઓમાં જે ગુજરે તેને મુવેલાં જાનવરની અથવા શરેલાં અને કોહતાં જાહડ પાંનની બરોબર ગણવું. એટલે આ જગો ઉપરથી 'રીમની' ઉદી ગઇ. જેમ બીજાં પરાંણીઓ એટલે ઉંદર, બીલાડી, મુરઘી બકરી, ગાએ, ભેંશ ધતીઆદી ધતીઆદી, મરે તેનાં મુરદાંમાંની ગંદગીની માફકનીજ જરથોશતીઓની લાશની કોહતી ગંદગીને શરખી રીતે ગણેલી જાંણે આપણો પવીતર ધરમ અને તે ધરમનાં પુશતકો શાબેતી આપતાં હોએ, તેવી ધપમાં એ વીદવાન શેહેરીઆરજી આપણને શમજાવેછે. વલી ઓબલી રીતે શમજાવે છે કે હેવી કોહતી વશતુ ઉપરથી આપણાં ધરમમાં 'નસો' શબ્દ નીકલેઓછે.

જરથોશતી ભાઇઓ શું. એ થોરી ફીલસુફી છે, જેમ આગલ કાંમાંજી બોલી બોલીને થાકા. તેજ બોલો, તે વખતનાં આગલ બોલેલાંને બંધ બેશતા નથી. એ જેરી બીઆં દીનચુશત જરથોરશતીઓને તો કબી દેખાવાનાંજ નથી, એતો આજનાં શુધરેલા અને બે તરણ ઇંગરેજીની પરીખશા આપેલાને ઇઆ બે તરણ ભાશા શીખેલાનેજ દેખા

શ.) વલી વાએજ કરતા આપણને શમજાવેચ કે રીખી રીખી ને મરીગએલાં મનુશ અથવા હર પરાંની મરી જાએ તો, તે ઊપર દરૂજે નશુશ ઊતાવલો લાગુ થઇ તેનાં તનમાંની ગંદગી ઉતાવલી બહાર આવે છે. અને અચાંનક મરીગ એલાં ઉપર ઊતાવલે ગંદગી લાગુ થતી નથી. આપણા ધર મ પુશતકના અવસ્તામાં દરૂજે નશુશનો હોમલો થવા વીશે જે જે લખાંનો કીધેલાં છે, તે લખાણ કંઇ નહી. પણ મુરદાર વસ્તુમાંથી નીકલતી ખરાબ હવા છે. એ રીતે જોતાં આપણા ધરમે શીખાદેલો દરૂજે નશુશ, તે કોઇજ નહી પણ આજની વીદીઆએ શીખાડેલુ ઊદતા રોગનું અને મરકીનાં ફેલાવાનું કારણ છે. માથા ભાએગે આપણા લોકોમાં આપનાં ધરમની ઊંદી શમજ નહી રેહવાને લીધે, હેવાં કેટલાંએક શીધાંતોને પાછલા જમાંનાંમાં, તેઓમાં શમજ નહી હોવાથી, એટલે પાછલા લોકોએ એ વેહમી આકારો આપી દીધા છે. (શાહેબો ભાશાંન કરતા વારે ગડીએ આપણને શમજાવેચ કે પાછલો જમાનો અને પાછલો વખત, તે વખતનાં વગર કેલવાએલા ધરમને એરમાં મેલી હાવી વેહમી ધરમનીતી શમજાવી ગીઆ છે. હવે ભાશાન કરતાને આપને શવાલ કરીએ કે હાલના ઇંગરેજી શીખી કેલવાઇ ગએલા તથા શેરીઆરજી જેવા ફીલશુફ, કેઆ જમાંનાંના છે, તેવણાં જમાનાંમાં કેઓ પેગમબર શાહેબ આવી વીદઆ શીખાડી ગીઓ. કોન તે જેહાંન જાઇ આવી, ખોદાનું ફરમાંન હાલની વીદીઆને, હાલની ચાલચલને, હાલની નીતીને, હાલની એફીનદારીને મલતી શીખવી ગીઓ તેનો ખોલાશો કરવો. આજનાં કેટલાએક મોબેદ શાહેબો, જેઓ કેટલીએક નવી કલા શીખી અપખશપાતપનુ

પકડે છે. જેમાંનાં એક એરવદ શેહેરીઆરજીબી છે; તેવણને કોને શોખવીઆ હોશે વારૂ. તેઓ બોલલી રીતે એકરાર કરે ચકે એ શરવે જીવતાં માનશની તંનદરોસતી બાલવવાજ પર મનુ નામ એરમાં મેલેલુ છે. એ પણ આ ચાલુ હજારાની તાશીર શમજવી જોઈએ.) વલી બાશાન કરતાએ શમજાવી ઊં કે માણસનુ મરણ બે રીતે થઈ શકે છે. શાધારણ રીતે તથા કોઈબી અકશમાતથી. રીબી રીબીને મરે, તે ઉપર દરૂજેનશુશ, એક ગેહે બદલાએ પછી તે લાશ ઊપર દરૂજે નશુશ લાગુ થાએ છે, તેથી તે બંનેની લાશ ને ઠેકાણે પારવામાં વખતનુ તફાવતપણુ રાખવામાં આપણા ધરમે ફરમાવેલુ છે. (શાહેબો આપણને શેહેરીઆરજી હેવું શમજાવેચ કે માદુ પરી રીબા રીબીને મરે. તે લાશને તુરત દુખમે લઈ જાવી, તેને અદકવુંબી નહીં. પન અંસીતુ મરીજાએ તેને પાંચથી છ કલાક શુધી અદકે તો તેમાં હરખત જેવું કંઈજ નથી, કારણ કે દરૂજે નશુશ લાગુ થનો નથી. એટલે તેનું તન હજુર કોઇગીઉં નથી, તેથી જો પેહેલી ગેહે બદલાએ, તાંહાંસુધી તેને અવલ મજલ લેઇ જાવી નહી, તે રીમનબી નથી. તેનું હેવું શમજવું કે જો હાવન ગેહે શરૂચતાં કોઇ અંચીનુ મરણ પામેતો, બપોરનાં બારવાગવાનાં હોએ તાંહાંસુધી કંઇ અદકવાની અરચણ નથી અને જાને કે લાશને ઠેકાણે પાડવાની તાકીદબી નથી.) વલી વાએજ કરતા આપણને હેતું શમજાવેચ કે શેવાવરી, અથવા અદકાએલી, જો મરવા કાંથે આવે અથવા મોટાં માણસ ઇઆ નાંધલાં બચયાં મરવા શરણું રૂપ પકડે, તોબી તેઓનું શરીર ચોખુ કરવું નહી. તેની ઉપર ઉપાએ કરવા તેના તંનમા ગરમી હોએ તાંહાં સુધી, ગમેતો તેવો

તે વખતે શોવાવડીને કે અરકાએલીને તેની માવજત કરવા નહ વારવા વગર કોરડી જગા ઉપર લેઇ જાવી પણ તેને પાક કરવા નહવારવી નહી અથવા મોટાં માનશને કે બચ્ચાં ને બી છેહલી ઘહડી સુધી નહવાડી પાખ કરવાં નહી. તેનાં દીલમાં ની ગરમી જાંહાંલગન દીલમાં હોએ તાંહાંલગન પકડીને બેશો રહેવું, ઇઆ બનતા ઉપાએ કરવા. નહવારી નાંખવાથી ઊતાવલું નુકશાન થાએછે. મરનારનુ તન નહવારવાથી અરદ થાએ છે, એ રવઇઓ પાછલા જમાનામાં નીકલેઓ છે, પાછલા જમાનાંનો એક રેવાજ છે. વલી સમજનીઉ કે નવા રવું એ જીવતાં માનશનો આતમાં ચોખો કરવાનું છે, પ ણ જેવારે તેનાં તનમાંથી તો જાન નીકલી ગીઓ, માતર તેનાં શરીરને ચોખુ કરવાથી, તેનો આતમાં ચોખો થતો નથી. આવુ શમજાવાના ટેકામો આપણને એવું સમજાવેચ કે નવાડી નાંખવાથી વગર મોહતનું મોહત નીપજે છે. જે થી મરનારનાં આતમાને પાખ કરવાજતાં, એવા ભુલ ભરે લા વીચારોથી આપણે એક અજીમ ગુનાહ કરીએ છેઇએ. કેતાબોમાં ડાહપણ ભરેલુ ફરમાન એવું આવેલું છે કે હેવ વખતે, તેમજ કોઇબી બીજી વખતે, જો કોઇ ધરમનો આ ચાર જાલવવા જતાં, કોઇ એવું પરીણામ ઉપજે, કે તે આ ચાર જાલવવાથી જેટલું શવાબ લાગે, તે કરતાં વધારે ગુ નાહ પેલુ નઠારૂ પરીનાંમ નીપજવાથી લાગે, તો બેહતર પે લો ધરમનો એટલે શવાબનો આચાર જાલવવો નહી. એ વુ બોલી, પેહેલું ભાશાંન એરવદ શેહેરીઆરજીએ તમાંમ કીધું (શાહેબો આપણને શેહેરીઆરજીનું શમજાવવું હેવું છે, કે જાણે ધરમ કંઇ હોય નહી, એતો તંનદરોશ્તી જાલવવાનો ઉપાય છે, તે ધરમને એરમાં મેલી શરવે પાછલા વખતના,

તે વખતનાં અનગઢ લોકોની બનાવેલી કાંહાંની છે. મા નશીએ ફક્ત તનદરોશતી જાલવવી, ખાવું, પીવું, મોજમજાહ મારવી, સુવારા કરવા એજ ધરમછે.) શાહેબો એમ શેહેરીઆ રજીએ પાંચ ભાશાંન મલી અવસતાના તરણ બોલ આપણે શમજાવેઆછે. જેઓ એ શેહેરીઆરજીનાં ભાશાન માં આવેઆ હોશે, તેઓનીતો પુરતી ખાતરી થઇ હોશે, કે શેહેરીઆરજીનો રેશાલો રાનુમા શભાએ અથવા એ શભા ના કોઈ નવા પેગમબરે લખી, તેનું રચાંન પોતાની મતલ બને મલતુ, પોતાના આપેલા વીચારને મલતું, કરાવીઉ હો એ, હેવો દેખાવ એ ભાશાંન કરતાની ઢા ઉપરથી દેખાતો હતો. એવન વાદે ઘડીએ કોઇ મતલબનું બોલતાં, મીજલશ તરફ જોતા હતા. તેમાં એક બોતો અને શેપ બોતો ભમ રંદા ઘુમાવતાં તો, જાને મનથી પશતાતા હોએ, એવો દેખાવ એ ભાશાન કરતાનો માલમ પડેઓ હતો. તે ગોશપંદ ખા વા વીશેનો હતો. જે વીશે હમો જુદુ શમજાવશું અને તમો દાનચુશત જરથોશતી શાહેબોની ખાતરી કરશું, જેથી ધર મનો અને ટોલાની આબાદી થાશે. આમીન આમીન.

એરવદ શેહેરીઆરજી દાદાભાઇ ભરૂચાનાં બીજાં ૪) ભાશાંનોનો રડીઓ.

શરનશીન શેઠ નવરોજી ફરદુનજી બોલેઆ કે ગુજરે લાં રવાંણની લાશ પુરે કેવી કીરીઆ થાએછે અને કેવી કરવી જોઇએ. તેવીશે આજે એરવદ શેરીઆરજી બીજનં ભાશાંનો આપશે.

એરવદ શેરીઆરજીએ ભાશાંન શરૂ કરતાં જનાવી ઉ, કે ગુજરેલાંની લાશને શંજોગની વખતે ગણાંજ પુરાં

નાં અને રદી થએલાં કપડાં પેહેડાંવવાં જોઇએ, કે તે બી
જાં જીવતાં માણશનાં વાપડવાનાં કામમાં નહી આવે. (શા
હેબો એ શમજાવત અતી ઘણી ખરી છે. (પણ તે મરના
રને નીરંગ તથા પાણીથી પાખ કરીને શંજોગવું, કે મરણ
પામવા પછી જુનાં કપડાંએ વીતાલીનેજ મેલવું, તે મેલ
લી જગાને કેઠલે દહાડે ચોખી કરવી, તે વીશે ચોકસ
ઓલાશો કરઓ નથી તે કરવો જોઇએ) વલી ભાશાંન ક
રતાએ નશેશાલાર વીશે સમજાવીઉ. (પણ તેઓને નવ રાત
નું બરશનુંમ આપવાપછી નશો ઉચકવા મુકર કરવા, કે
શાધારણ માણશનેજ નશેશાલાર કરવા, તે વીશે ચોકસ શં
મજાવીઆ નથી.) વલી ભાશાન કરતાએ શગની બાબદ હેવી
શમજાવી કે લાશને શગદીત એક વખત ઇઆ તરન, ચેઆ
ર વખત કરાવામાં આવે છે, એટલે સગ દેખારવામાં આ
વે છે, તે માણસ ખરેખરૂ મરી ગયું છે કે નહી, તે વીશે
તેહકીક કરવા આપણે શગદીત કરાવીએ છેઇએ. (શાહેબો
હાવીશમજાવત આપણને અચરવી ઊપજાવે છે, શું આપ
ણને સગ કહેછે કે એ મરીગીઉ) વલી ગુજરેલાંની આ
ગલ પાંથરનું રાખી તે વીશે રદાકુત ગભરાત કરે છે, પો
કારો કરેછે, નેહવી ગુનાહ ભરેલી ચાલને ધીકકારી નાંખી હ
તી. એ શમવજાત અતીઘણી, ધરમ વીશે વાજબી હતી. વલી
રાતને વખતે લાસને અવલ મનજલ પોચાડવામાં આ
વતી નથી, તે વીશે સમજાવીઉ, તે બરહક હતું. (પણ તે
ધરમની રીખ્ત ઓલી રીતેશ મજાવી નહીં કે તેની ખુબી હેવી
છે. (શાહેબો હંધારી થવાથી લાશની પુથે બરાબર કાએદે
ચલાએ નહી, અને અએવેશરૂથરેમ ગેહેમાં ગેહેસારવા વી
શે, હેરી બંદગી કરવાની, એટલે ગાંથાવાંણી પઘવાની મના

દાછે, વલી તે મરનારની લાસની પુથે તેનાં સગાં વાહલાંએ
જરૂર જવાની અને તેના કાલબુદને છેલલી શલાંમ કરી કે
કાંણે પાડવાની જે ફરજછે, તે ફરજો તેઓથી બને નહી, ઇત
યાદી બાબદોને વાસતે બંદોબશત કરેઓ છે.) વલી બાશાં
ન કરતાએ જણાવીઉ કે નશાશાલારને નવાં કપડાં આપેછે,
નવી ગેહાન ઇજાવેછે, હેવા વાંકા ખરચ કરી, તનાઇ ગુતેછે,
નેને હાલના જરથોસતીઓ શવાબ સમજે છે, તેઓ શવા
બને બદલે ગુનાહા કરે છે. (શાહેબો એ શમજાવતબી અ
તીશે વાજબી છે. (શબબ કે તેઓ જેટલાપઇસા કપરાં પુઠે, ન
વી ગેહાન પુથે ખરચે છે, તે ખચીત ગટરમાં નાંખવા શ
રખુ છે, કારણ કે નવાં વસતરને તો શું પણ નવો દોરો વતીક
વાંપડી તેને રોમનીથી નહી બગારવાનો હોકમ, આપણા
ધરમ પુસતકોમાંનાં, વંદીદાદ નામનાં પુશતકમાં આવેલો છે,
વલી ઓદાઇ ખજાંનો બગાડવાની મનાઇ આવી છે, નવું
કાપડું એ ઓદાઇ ખજાંનો છે, તે ખજાંનો જીવતાં માણ
શને વાપડવા પેદા કરેલો છે. નશેશાલારને આપવા કરતાં, તે
ટલીજ કપડાંની જોડ, ગરીબ જરથોશતીઓને પેહરવા આપે
તો અતીશે શવાબ છે.) વલી બાશાંન કરતાએ પાએદશની
મીજલશો કરવાની ફુકરાજી કરવા વીશે જે શમજાવીઉ, તે
ખચીત વાજબીજ છે. (શાહેબો તેવી મોહતી મીજલશો, જ
રથોશતીઓમાં પેહલેવાંધેનાં શેઠીઆ કરે છે, તેઓને જોઇ
વચલે વાંધેના શેઠીઆઓ કરે છે, અને લાસને કલાકનાં ક
લાક સુધી કોહોતી રાખી, તેની ખરાબ હવા ફેલાવેછે. તે વખતે
લગણના જેવા માંડવા બાંધેછે, ગેરે ગેર મેબદાને બોકલી, જે
ઓ ઓલખતા હોએ કે નહી ઓલખતા હોએ. તોબી તેઓ
ને શદાન કેવારેછે. એ દેખાદેખીથી વધી પડેલી ચાલ, ખચી

ત ધીક્કારવા શરૂ કરી છે. કારણકે જેનું મરે, તેનાં પોતાનાં શગાં વાહાલાંને કેવારેતો વાજબી કેવાએ પણ બીજાં નહી ઓળખનાં કે નહી પીછાનનાં હોએ, તેઓને ગેર રાતને વખતે કે દીશનાં અનચીતો મોબેદ શદાંન લેઇ જાએ, તે વખતે તેઓને અને તેઓને ગેરનાં બઇરાંઓને, કેવા ગોશશો લાગતો હોશે) વલી ભાશાંન કરતાએ પાએદશનો ખરચ કરવા વીશે, રાહનુંમાએ સુબાના આગલા વીચારને મલતું શમજાવીઉ કે મોબેદની એકજ જોડ શચકારની પુથે મોકલવી જોઇએ. (શાહેબો એ વીશે મોબેદોની કાંહાં જબરી છે, એતો ગેર ધનીનાં વીચાર ઉપર, તેઓની શકતી ઉપર છે,; કંઇ ગેરનો .પંથકી જબરી કરતો નથી.) વલી ભાશાંન કરતાએ મીજલશને જોઇ, બીહતાં, બીહતાં હેવું શમજાવીઉ, કે જેઓના સગાં મરીજાએચ અને તેઓ તરન દહાડા ગોશત ખાતા નથી, તે ખાવું જોઇએ, તેની મનાંઇ વીશે ધરમમાં કશુ ફરમાવીઉ નથી. હેવું બોલી બીજું ભાશાંન ખતમ કીધું. (શાહેબો આ છેલલા બોલો ગોશત ખાવા વીશેનાં, ઉશતાદજી તરફથી ઉશતાદજી શેઠ ખરશેદજી કામાંજીનાં જરથોશતી અભીઆશમાં, બોતનું લખાન થએલું અને તેનાં પુરાવામાં વંદીદાદની તરીજી પરગરદના અવશતાનાં બોતતા અરથો કરેલા, તે બોતારૂ હમ શાલ ૧૨૪૭ એજદેજરદીમાં, કારેલાં ચોનીઆંથી તમામ અવસતાનાં પુરાવા સાતે બોલાશો કરેઓ હતો, તે વીશે ચોપાંનીઉ કાહડીઉ હતું. જે ચોપાનીઉ, શેરીઆદજી જેવા વીદવાન ઉપર મોકલેલું તથા ખરશેદજી કામાંજી જેવા ઉશતાદને હાતો હાત આપેલું. વલી મુંબઇનાં અને બીજાં ગામનાં દશતુરો ઉપર મોકલેલું, તેઓ ઉપર થોરા હ

મારી તરફથી તીકા વતોક કરેલા. તે શાતે મુંબઇનાં પેહલે વારેનાં શેઠો ઉપર અને વલી મુંબઇનાં તમાંમ જરથોસતી છાપખાનાનાં અધીપતીઓ ઉપર મોકલેલું. જેનો એક રતીભારબી હમારા લખાનનો રદીઓ કોઇએબી નહી આપેઓ હતો, તેનો જાને જવાબ, આજે શેરીઆરજી આપતા હોએ હેવું રૂપ દેખાડીઉ હતું. (જેથી હમો એ પેગમબરી દરજજાનાં, એરવદ શેરીઆરજીને એ બાબદ વીશે ચાલેજ કરીએચ કે એ બાબદ વીશે તમો શાહેબે ઇઆ તમારા જે ઉશતાદ હોએ અને કોઇબી બીજા હીમાતીઓ હોએ, તેઓને શાથે લઇ, હમારી સાથે તકરાર કરવાની જાહેર શભા બોલાવવી. હમો એ બાબદ આપણા ધરમ પુસતકોથી તેના પુરાવા સાથે સાબેત કરી આપશું. એ બાબદ ઉપર કાલ રોજે જુદુજ ભાશાંન આપનાર છેજીએ તેથી આ જગાઉપરી બીરાજવાની તશદી લેવી. શાહેબો લાશને કેકાણે પાડવા વશે કેટલીએક બાબદો જનાવી છે અને ગુચવાદો કરી મેલઆ છે, તે વીશે થોરા દાહાડા શબુરી રાખવી. કારણ કે જેવારે તમાંમ ભાશાનો રાનુમાં શભા તરફથી છપાશે, તે આર બાદ તે છાપેલાં પુસતકોનો પુરતો રદીઓ આપી, એક ચોપાંનીઉ કાઢશું, અને તેની કીમત ધણી હલકી રાખશું. શાહેબો એવી જેકબુલાત હમે આપી હતી પણ તુરતજ ચોપાંનીઉ છપાવાની હમોને અગત જણાઇછે.) વલી ભાશાંનમાં આપણને જે શમજાઉ તે ધરમનું નામ શાથે, ધરમનીજ વાત મોને બોલી બધી મતલબી વાતો આપણને શમજાવીછે. ધરમ પુશતકોમાં-થી કોઇબી અવસતાના પુરાવાસાથે દેખાડી આપણી ખાતરી કરી નથી, ફકત શમજાવી શમજાવીને હેવુંજ શમજાવીઉ કે માણસની તંનદરોશતી જાલવવી, માણસોને તંનદરોશત રેવું.

ઇતયાદી. (શાહેબો તમો મારા બોલાશા ઉપર ધેઆંન આપી શમજો. જગતની રચનાં કરતા "અહુર" એટલે જલકતુ નુર, જેનાં નુરમાંથી મીનો ફરેશતાઓને નુર બખશેશ થએલુંછે, તેમજ મીનો પદારથો જેવાકે આતશ, ખોરશેદ, માહા, સેતારા, પાણી, દરવેરાને નુર બખશેલુંછે, તે નુરને ધેઆંનમાં રાખી આપણે હરેક બંદગી કરીએ છેઇએ, તે બંદગીતો, અહુરનીજ કરીએ છેઇએ એટલે જગતને પેદા કરનારની પણ પેલાં નુરો જોઇ, તે નુરો ઉપર જે ફરેશતાઓ પાસબાન છે તે ફરેશતાઓને એરમાં મેલી, પેલા પુરથ વીનાં બાપની બંદગી કરીએચ, અને જે ફરેશતાની મારફતે "અહુરને" બંદગી પોચાડવાની આપણી મતલબ છે. જેથી તે ફરેશતાઓ આપણુ સરવે જરથોસતીઓથી મોરાદ ધરાવનારા છે, બાહેશ ધરાવનારા છે, જેમ હોરમજદ શકતી, બાહેશ તથા ભલી મોરાદ, આપણ ઇનશાંનોથી રાખે છે, જેને આપને હોરમજદ રોજનાં નામથી ઓલખીએ છીએ. હવે તમો શાહેબો વીચાર કરોકે અહુરે તમાંમ ઇનશાંનોને પેદા કરી, તેઓને ધરમની શીફતો બખશેશ કીધી છે. કંઇ આ પણ મુથીભર જરથોસતીઓનેજ વાસતે બખશેશો કરી નથી. તેનેતો ઇનશાન માતરને પેગમબરોની શીફતોથી, આએ ગેતી જેહાંનમાં શું કરવું અને તેનો બદલો મીનો જેહાંનમાં કેમ મેલવવો, તે વીશે બોલાશાવાર શમજાવતો આપીછે. પણ સરવેનો પેદા કરનાર એક છે, તેમજ તેની મીનો સકતીઓ પણ એકજ શીફતવાલી છે. ફકત પેગમબર શાહેબોની શીફતો અને તેના કાએદા જુદા જુદા છે. જેમકે આપણે જરથોસતી ધરમ પરમાણે અને તેના ફરમાંનો પરમાણે, નીચે પરમાણે ચાલીએ છીએ. પવીતરાઇ વાપરવી, જેને અશો

ધખી કહે છે, શાશત બોલવું, જેને અચાઇખી કહેછે. નીરંગ વાપડવાથી અશ્રા બને છે તથા પવીતર બને છે. બાહરનાં તનને ગોશપંદોના નર અને નારીનો નીરંગ દર રોજ ચો પદવામાં આવે છે, જેથી બાહરનુ તંન પાક થાએ છે અને અંદરના તંનને પવીતર કરવા એટલે મનને ચોખખુ રાખવા અથવા કરવા, ગોશપંદોનાં નરનોજ નીરંગ જાણી, તે પવીતર હોવા છતાં, વધારે પવીતરાઇ, અવશતા પધીને આપી એ છેઇએ, જેને નીરંગદી કહીએ છેઇએ. એ નીરંગદી જ રથોશતી ધરમ, પેહેલો બચાંઓને કબુલ કરાવતાં, તેનુંખી મન પવીતર કરવા નીરંગડી પાઇએ છેઇએ, એટલે નાહન નહવારીએ છેઇએ. વળી દર ઇનશાન માતરને નવ રાતનું બરશનુમ લેવાનું ફરમાન આપણા ધરમ પુસતકોથી મલે છે, તેજ કાએદે નશા ઉચકનાર નશેશાલારને તો જરૂર બરશનુમ આપે છે. જો કોઇ જગા ઉપર નશેશાલારો નહી હોએ અને તે કાંમો બીજા કરેતો, તેને રીમન શમજવામાં આવે છે અને તેઓને રોમન નવાડીએ છીએ. વળી મોબેદનાં ફરજંદો એરવદ થાએછે, તે વખતે બરશનુમ ૨) લેદછે. પેહલું બરશનુમ કાએદા પરમાણેનું. બીજુ બરશનુમ, એરવદ થઇ ધરમનો દરજજો મેળવવાનું. વળી તે મરાતબે પોહચવાને તરીજુ બરશનુમ લેએ છે. તેહાર બાદ દરેમહેરને મલતાં પવીતર કામો કરે છે. વલી તેજ મોબેદોને તેની પવીતરાઇ વીશે કંઇ હરખત જનાએ છે તો ફરીથી પવીતર બનવા નવેશરથી નવ દહાડાનું બરશનુમ લેએ છે અને દશમે દહાડે પવીતર બને છે. વલી દરવરશની આખર થતી મોશમ માં દરએક જરથોશતીઓ, શું ઓરત કે મરદ, પોતાના ગુજર પાંમેલાં રવાંનને તથા પોતાનાં ગુજર પાંમેલાંનાં ફરો-

હરને, હચીઓ આપવાનાં હેતુંથી, તેઓની તાબેદારી સાથે આરધનાં કરવાના કારનને વાશતે, નાહન નાહી પવીતર બની, દશ દહાડા અને દશ રાત સુધી બતતી બંદગી કરે છે. જે દહાડામાં પેલા વધારાના દહાડા (પ) ગાથાનાં આવે છે અને જ્યતે જે કોઈ મુવેલી લાશને અદકે અને ઝીમન થાએ તથા તે ઝીમનશે બીજો ધણી વાત કરે તો, તેનબી ઝીમની પોહચે છે. તેઓ પવીતર નીરંગડી પીઈને એટલે મોબેદો નીરંગડી પાઈ પવીતર બનાવે છે, તેવારે ભાશાંન કરતા નીરંગ શબંધી સઘલી ખુબી ઉરાડી દેઈ, પોતાના ઊમતાદ કામાંજીનાં ભાશાંનને મજતા, પોતાનાંબી વીચાર જનાવે છે. વલી આજની જરથોસ્તી બાનુ કે મરદો જો બરસનુમ આપે છે તો, તે વીશે વીકા કરી, તેઓના ભલાં કામને બી કારે છે. પણ તેઓતો પોતાની ફરજો અદા કરે છે, પોતાથી તથા ગુજર પાંમેલાંથી જીવતાં જીવત બરસનુમ લેવાઈઉ નહી હોએ અથવા પોતાના વાહલાં બરશનુમ લેઆ વગર જો ગુજરી ગીઆં હોએતો, તેઓ પોતાની વતી તથા ગુજરે લાંની નઈએતે, ફરજ તરીકે મોબેદોને બરશનુમ આપે છે. હવે શેહેરીઆદજી કહેછે, કે તે ગુજરી ગએલાંને શું ફાએદો થાએ. (શાહેબો તેવારે શેરીઆદજી જેવા આપણને વલી એવું શું કરવા શમજાવેચ કે તરન દાહડા ગુજરેલાંની તરફથી તેના ગુનાંહનો બતાદો કરવા, તેનાં સગાં વાહાલાંને બંદગી કરવાને હોકમ છે અને હોકમ આપેછે. જેવારે ગ-રને કોઈએ પોતાને હાથેજ ધરમના કામ કરી લેવાં જોઈએ હેવું આપણને શમજાવીઉ, તેવારે તે તરન દહાડાબી હોકમ આપવો જોઈતો હતો નહી. શાહેબો આપણા પવીતર ધરમમાં અને જરથોશત શાહીતમાનની ફીનશુફીથી બનેલાં ધરમ

પુશતકોમાં. ઊઘાડે પગે ચાલવાની, ઓરેમાથે ચાલવાની, હજી-થ વતાલ એટલે એક બીજાનું હજીઠુ ખાવાની, ગોશલ પાણી થવાથી તેને પરેજ કરી, પવીતર બનાવાની, છતીઆદી છતીઆદી, જે ફરમાનો આવેલાં છે, તે ફરમાનો બાહારનાં દેખાવમાં માણસની તંનદરોસતી જાલવવાના છે પણ બાતેલમાં ધરમનીતી જાલવી, અપવીતરાઇ નહી વાપડવાની તાકીદ આપવાના કારણને મજબુતી આપનારં છે. ટુકમાં કેહુચ કે આપણા જરથોશતી ધરમમાં અને બીજા મજબવાલા ધરમમાં ઉપલી સઘલી બાબદો વીશે આશમાન અને જમીનના જેટલો તફાવત છે. કોઇ લાશને બાળે છે, કોઇ દાતે છે, કોઇ કબર કરી તેમાં મેલે છે, અને કોઇ જલદાર કરેછે. તેમજ હજીથ વતાલ, અપવીતરાઇ, મુરદાંને અડકવું અને રીમન માણસો સાથે એક પેવંદ થવું. એ વીગરે તેઓના ધરમ પુશતકોમાં તેઓના પેગંમબરોને નામે તેઓના ધરમ ગુરૂઓએ લખીઉ હોએ. તેવાં લખાંન ઉપર આપણે ભરૂશો કેટલો રાખવો જોઇએ. તે વીશે તમોજ દાંનેશમંદ શાહેબોએ વીચારી લેવું. વલી ભાશાન કરતા વારેઘડીએ મોહટા મોહટા બોલોમાં આપણને શમજાવેચ કે સુધરેલા વખતમાં અને સુધરેલી વોદીઆને મલવું છે. સાહેબો આપણે તેવારે શવાલ કરવા માંગીએ કે જરથોસત પછીનો જેટલો વખત ભોગવાઇ ગીઓ, તેઓ બધા અશુધ લોકો તથા અશુદ વખત થઇ ગીઓછે. આજેજ બરીતીશ રાજમાં તેઓ મુબઇનીજ ટેકડીમાં સુધારો થઇ ગીઓછે. હાલની કેટલીએક અબલાઓ સુધરેલું દોલ ઘાલી મુંબરીજાઇ, પારકી મીજલશોમાં તથા પોતાના જાતભાઇઓની મીજલશોમાં, ફનશી દરશ એટલે કોઇબી મજબ વાલા નથી પેહદતા હેવો પોશાક પેહેરી બી

રાજે છે. ઇઆ પારકા મરદોશાથે છુતથી ફરવાનો સુધારો શ-
મજે છે. તે સુધારો કઆ જનાનાનો, કેટલાં હજાર વરશનો
ચાલે છે. જેને હાલનાં સુધારાનુ રૂપ આપવામાં આવીઉં છે.
તે વીશે ભાશાન કરતાએ ખોલાશો કરેવો હતો. કે બીજી
જરથોશતી ઓરતોબી સુધરીજનએ અને નાટકોમાં, જાહેર
મેલાવડામાં બીરાજે અને વખત પોહુચેતો કાએદા પરમાણે
રાજની દેવડીએ પોતાનાજ મરદોને ઉભા કરવા કામ લાગે.
હજુર કેટલાએક સુધરાઇનું દોલ ઘાલનારા શાહેબો અને
બાનુઓ, પુરતી રીતે સુધરેઆં નથી. જેમ પેલી મુકતી ફોજ
સુધરી; પોતાની ઓરતોને ઇઆ બચ્ચાંઓને, દેશ દેશ ફેરવી.
રસતે રસતે સુધારાનું ગીત ગવાડી, આંમ લોકોના મન હર
ન કરી લએ છે તેમ. તેથી મારી ભલામણ એ વીદવાન ભા
શાન કરતાને હેવી છે કે હેવી બાબદ ઉપર એક રશાલો ગદવો
જોઇએ, કે હાલના રશાલા કરતાં તે વધારે ઉપયોગી થઇ
પડશે! અને હાલના ઇનામને ઠેકાણે કોઇબી ખાશ સુધરે
લો, જો દોલત વાલો હોશેતો, એકદોને તરન મીદાં એટલે
એક વીદવાનનાં બોલમાં બોલતાં એનો અરથ 1000) રૂપે
આસુધી મલશે, શાહેબો ભાશાન કરતા કહેચ કે દાચકી
નેબી એક વખત ફરીથી આદુનીઆમાં આવવાની ઇચ્છા
થાએ છે, વલી બીજીગમ આપણે શમજાવે છે કે બેહેશત
ઉપરની નીનો દુનીઆંમાં છે. હવા ઉપર ચીનવદ પુલ છે,
જો રવાંન તે પસાર કરી જાએતો રોશની હાંશલ કરે
અને ચીનવદ પુલ પસાર નહી કરેતો, પાછુ અંધારીમાં
આવે, એટલે દોજખમાં. તેવારે તમોજ ભલા માજલશી
શાહેબો વીચારો લઓ કે દોજકીને ફરીથી આ દુનીઆં
માં આવવાની ઇચ્છા થાએ તો તે દાચકીનેબી માનો

દુનીઆમાં જવુંજ જોઇએ. વલી બીજી ગમ ભાશાંન કર-
તાએ આપણે શમજાવીઉ હતુ જે બેહશત અને દોજખ
ઉપર અને નીચે છે તથા ચીનવદ પુલ વચમાં છે,
જો આપણે તે પુલ વતાવી જઇએ તો રોશની વાલી આ
કાશી જગા ઉપરપોહોચીએ એટલે બેહેશતમાં અને પુલ વતાવી
જવાએ નહીતો અંધારો જગામાંજ રેજીએ, એટલે દોજ
ખમાં. શાહેબો આપણને એક વખત એમ શમજાવે છે
અને બીજી વખત કેમ શમજાવે છે, તે વીશેનો જેઓએ
એ ભાશાન શમજેઆં હોશે, તેઓની ખાતરી થઇ હોશે.
વલી ભાશાન કરતાં આપણને શું શમજાવા ઉભા હતા, તે
ઉપરથી શોવાવરી ઓરત તથા દશતાનવાલી ઓરતને બેશ-
વાની જગા અને લાશને મેલવાની જગાને એક સરખી
રીતે ગની, આપણને ગુચવાડામાં મેલેઆછે. તેવારે આપ
ને એ પેગંમબરી દરજાના શેરીઆરજીને પુછએ. કે
આજની સુધરેલી દુનીઆંમા, સુધારો કરનારાઓમાં કેટલા.
એક જરથોશતીઓ, દશતાંનવાલી ઓરતને છતરીનાં પલંગો,
ખુરસીઓ, મછરદાંનીઓ સાથે, માર ઉપર બેસાડેછે. તેવા
રે શું આપણી લાશનેબી તેવી કોરદી અને સુકી જગા શ
મજી માર ઉપર મેલીએ તો ચાલે કે નહી. કારણ કે તમો
અરકાએલી ઓરતની જગાને, સંજોગી મેલેલી લાશની જ-
ગાને, એકજ રૂપ આપોછેઓ. પણ અરકાએલીની જગાતો
જે વખતે તે ઓરત પવીતર થાએ તેજ દહાડે વાપરેછે.
તેમજ શોવાવરડોની જગાબી ૪૦) દાહડા પુરાયાએ કે બાર
વનેજ વાપરે છે. શું આપણેબી તેમજ કરવુ. કે આપનાં
પવીતર ધરમનાં ખરાં ફરમાનો પરમાણે નવરાત તથા તીશ.
રાત, તે સઅકારની જગાને હજાએદી રાખવી અને રાખવા-

નો હોકમ છે કે નહી. તે વીશે તમે વીદવાંન શાહેબ બોલા-
શો કરવો. વલી તમો મુવેલી લાશને પથરા ઉપર મેલ-
વાનો હોકમ કરોછોઓ. તેવારે તો પેલી અરકાએલી તથા
શોવાવડી ડરતનેબી પથરની લાજી ઉપરજ શુવારવી જોઇએ.
આપણા ધરમ પુશતકોમાં જે વંદીદાદ નામનુ પુશતક
છે, તેમાંતો લાશને મેલવાની જમીન તરણ ખુતાંની કતરા
વી બોદીને તે ઉપર મેલવાનો હોકમ છે અને તે ઉપર મે-
લીએ છેઇએ અને તે બોદલી જગા ઉપર આપત શબંધી
લાશને મેલી, બંધકરીએ છેઇએ. તેજ કાએદે દુખમાંની
જગાછે. જે વીશે અવશતામાં, દાએતીઓ કતહે, હેવું બોલ-
લું લખ્યાંન આવેલુ છે. પથર તો મુંબઇ જેવાં આપખુદ
શેહેરમોજ મેલવામાં આવે છે. બાકી શંગલાં ગાંમોમાં ધ
રમનાં ફરમાંન પરમાને ભોએ બોદીને મેલે છે, તેનુ કેમ
કરવુ. વલી બાશાંન કરતા આપણને હેવું શમજાવેચ કે તર-
ણ દાહડા મોએદો નેઆરશ કરેછે, તે વીશે કેથે લએલું ન-
જર આવતું નથી. તો શેરીઆદજી શાહેબ, તમોજ એક
ગેમ બોલિઆ કે માણસ ગુજરવા પછી, તરણ દાહડા શુની,
તેનાં શગાંવાહાલાંએ તેને વાશતે બંદગી કરી, પતેત કરી,
શવાબનો હુમેરો કરી આપવો. જેવારે તેનાં શગાંવાહલાં તેની
નએતે શવાબ કરે, તે પેલાં ગુજરેલાંને પોહોચે, તેજ કા-
એદ તેના શગાંવાહલાને બંદગી કરતાં નહી આવડે અને
બીજા પાશે બંદગી કરાવી પોતાની ફરજ અદા કરે છે;
તે કંઇ ગુનાહા ભરેલુ કેવાએ અથવા તે બંદગી પોહોચે
કે નહી. આજના વખતનાં જરથોશતીઓમાં, મોહતા
બાગને શરોસ બાજ કે પેહે વજીક પઢતાં આવડતી નથી.
તેવારે પોતા તરફની ફરજ અદા કરવા તેઓ બીજાની

મારફતે કરાવે અને બીજો ધણી બંદગી કરે, તે વાજબી ગણાએ કે નહી. વલી તમો શાહેબ જરથોશતીઓને હેવું શમજાવોચ કે શીઆવ મોબેદને આપવો. હેવું કેથું લખાન આવીઉ નથી, તે વીશે કંઇ ધરમ પુશતકોમાં લખેલું નથી. (સાહેબો. આ શમજાવવું ઘણું ભુલ ભરેલું છે. અરદાફરો-શનાં અફરંગાંનનાં, અવશતામાં આ ફરમાંને આવેલું છે. અવસતા. ગઓમત જશત, વશતરવએતે. અરથ. ગાએને હાથે અને વશતરને હાથે. હેનું શમજવું હેવું છે. કે ગોશપં-દોની તથા વશતરની. શખાવત શાતે. તેવારે તમો દાનેશ-મંદ શાહેબોની ખાતરીકરવી કે હાલશુધી એ ભલો રવ-ઇઓ ચાલુ છે. ગાએ આપવાનાં શવાબને બદલે. રૂ ૧) ગાએનો કરી આપવાનો ધારો. પાછલા વખતમાંજો પડે-ઓ હોએતો. ગરીબીના શબબથી હોવો જોઇએ, જીવતી ગાએ આપવાને બની નહી આવવાથી, તેઓ એ ભલાં ફરમાનને જાલવી રાખવા રૂ ૧) આપી ફરજ અદા કરીને, શવાબનો લતીજો હાંશલ કરે છે; તેમાં ઉલતું શું થઇઉ. હાલ શુધી ગાંમડાંનાં જરથોશતીઓ જીવતી ગાએ પોતાને ગેરનાં ધરમગુરૂને આપે છે. મુંબઇમાં આજે જો કોઇને ગેર ગુજરે તો, ગેરનાં મોબેદ પાશે તરણ દાહડા શુધી. એટલે આવનારા જરથોશતીઓને, આવો શાહેબ. જાવો સાહેબ, હેવી વેથ કરાવી, પેલાં ફરમાંન પાલવા તેને ૧) શીઆવ આપેઓ, તેમાં નવાઇ શું થઇ. વલી શેરીઆરજી શાહેબ એ ક ગેમ શીઆવ આપવાને શમજાવેચ. વલી જીવતાં માણશે પો તાને હાતે શવાબ કરવો, પારકાનો કીધેલો પોહોચે નહીં તેના પુરાવામાં આપણને હેવું સમજાવીઉ કે કરે હાતે, તો લેઇ જાએ શાતે. તેવારે જીવતાં માણશ અશોનાં ફરોહરની અને

પોતાનાં નેઆંગાંનોનાં ફરેશવરની, આરાધનાં કરે, પોતાને નહી આવડેતો પારકા પાશ તેવી કીરીઆ કરાવે, તેમાં ખોટું શું થયઉ. જેમકે જંદરવાન કરી, પોતાની નઇઅેતે તરણ દાહડા ઇજેશને, વંદીદાદ શરોશની આરાધનાંથી કરાવે અને પેલી ૪) બાજ ઇજાવે, તેશાથે વશતર ઇજાવે, દેહુમ ઇજદનું અફરંગાંન પઢાવી પોતાની ફરજ પોતાનેજ હાથે અદા કરે, તેમાં ગુનાહ ભરેલું શું થઇઉ. જેવારે જીવત કઇબી પોતાનાં વખતમાં પોતાને હાથે નહી કરે, તેવારે ભાશાં ન કરતા શાહેબનાંજ કેવા પરમાંને તેઓ શાતે શું લેઇ જાઅે અને ચીનવદપુલ કેમ પશાર કરી, આશમાંન ઉપર રોશની વાળા ઘેરમાં કેમ જાઅે. તેવીશ ભાશાંન કરતાઅે ખોલાસો કરવો. વલી ભાશાન •કરતા આપણને પાછા ગુચવાદામા નાંખી શમજાવેચ કે મરનાર જો પોતાને વાશતે વશીઅેત કરી જાઅે કે મારી પુથે ફલાંનુ કરજો, હેવું વસીઅેતનાંમુ કેરી ગીઆ હોઅે, તે આપણને કરવું જોઇઅે, તેનાં જવાબમાં આપણે અે શાહેબને હેવો શવાલ કરશું કે દરઅેક માણશ પોતાને વાશતે ધરમ કીરીઆ કરવાવીશ વશીઅેત કરી જાઅે તોજ કરવી. કે આપનો પેહલો ધરમગુરૂ જરથોશત સપીતમાંન પોતાના ભલા ઉચારમાં અેટલે અવસતાવાંનીમાં શમજાવી ગીઆ અને વશીઅેત કરી ગીઆ, તે પરમાંણે કરેઆ જાવું, તે વીશ ભાસાંન કરતાઅે ખોલાશા કરવો જોઇઅે. હવે શરીઆરજી આપણને રૂઆંનની કીરીઆ તરણ દાહરાજ કરવા શમજાવેચ તો તરણ દાહડાબી નહી કરીઅે તો ચાલેકે નહી, કારણકે કોઇ જરથોસતી મરતી વખતે પોતાના લાગતા વળગતાંને હેવી નશીઅેત કરી મરી જાઅે કે મને ગેરમાજ દાતજો, મારી પુથે અેક અશીમબી પઢાવતાંમાં. તો આપને

તેની વશીએત પરમાંને ચાલીએ કે નહી. તે વીશે શેરીઆ રજીએ ખોલાશો કરવો જોઇએ. વલી જે ગુજરે તેનાં રૂઆંનને તો તરણ દાહડામાં આપણે હવીઓ કરી આપીએ. તેવારે તેનું ચેઆરમ, દશમું, માશીશો, વરશી, તેનાં પરોહરને વાશતે જરૂરકરવા પરમાવીઊ. તેમાતો ફકત અપરંઆન કરવા અને બાજ ધરવાનેજ અને વલી બાજમાં ગોસપંદનાં માશનો કવાબ મેલવા શમજાવીઊ, તે વીગરે કંઇજ કરવાનું પરમાંન નથી. તેવારે મારોશવાલ એ છે કે જરથોશત શાહેબે, જે ઇજસને,વંદીદાદ વીગરે, અવસતા આપણને શમજાવેઆ, તે કેઆરે અને કેહી વખતે પઢવા જોઇએ. વલી હમાએશત કરવા, પરવદીઆન કરવા, નીરંગદી કરવા, ઇતીઆદી બાબદોં વીશે બાશાંન કરતાનાં વીચાર નથા પંણ એ કીરીઆ કરવી કે નહી. અગર કરવી હોએતો તે અવસતા કેહી વખતે પઢવા ઇઆ તે કીરીઆ કેહી વખતે કરવી, તે વીશે ખોલલું શમજાવવું જોઇએ. શઘલું જીવતાંને માથે કરવાની તથા પઢવાની ઇઆ પઢાવાની પરજ હોએતો. તેઓએ તે પરજ અદા કરવા બીજા પાશે અદા કરાવવી જોઇએ કે નહી. તે વીશે શમજાવવું હતુ. તમો શાહેબનાં વીચાર પરમાંને તમારાજ કેએઆ પરમાંને, કરે હાતે તો લેઇ જાએ શાતે. પણ તમો વાએજ કરતાએતો તેમબી ખોલાશો કરેઓ નથી. અગર તેમજ હોએ કે એવી પવીતર પરજ જીવતાં અદા કરે, તો તેજ દાખલે શમજવુ કે જીવતાંથી નહી બની, એ શબબથી તેનાં ગુજરવા પછી, તેનાં પઇશામાંથી, તેની નઇએતે તેનાં શગાંવાહાલાં ઇઆ વારેશ કરે તો, તેમાં ઉલતું શુ થઇઊ. શાહેબો એવા ગુચવાડા ભરેલાં બાશાંન ઉપરથીજ આપણને ચોકશ થાએચ કે જે મતલબો, જે

શખુનપરવરી, આગલા જે વીચારો, રાહનુમાં શભાનાં હતા અને હાલ છે. તેને ટેકો આપવાનું એક થાંમલું હુભુ કરેલુ છે. હમો ફરીથી બીજી મરતબે, રાહનુમાશભાનાં શરનશીન શાહેબને તથા તે શભાને ટેકાવી રાખનાર પેલા પરએઆત કાંમાંજીને, અને હાલ તે શભાને ટેકો આપનાર, એરવદ શેરીઆરજીને, નમનનાઇ શાથે ચાલેંજ કરીએચ કે શેરીઆરજી જેવા વીદવાંન મારા જેવા ફકીરની શાંમને તકરાર કરવ એક બેથક કરે, હમો કેટલુએક બોટનુ શમજાવેલુ, પુરવારા કરી આપશુ. શાહેબો—વલી બાશાંન કરતાએ પશેમાની પતેત પઢવા વીશે શમજાવીએ કે જીવતાંએ, એ પતેત દરરોજ કરવી જોઇએ અને આપણુથી થએલા ગુનાહની માંફી માંગવી જોઇએ. તે વીશેની શમજાવત અતી ઘણી વાજબી છે. પણ હું કબુલ કરૂચ કે પતેતના બોલાશા પરમાણે જીવતાં માણશે પતેત કરવી. અને પસતાવો કરવો. હવે શેરીઆદજી શાહેબને મારો સવાલ એ છે કે એ પતેત ગુજરેલાંની નઇએતે થાએ કે નહી. તેનાં હોમનામાં એજ પતેત કરવામાં આવે છે. તે વાજબી છે કે ગેરવાજબી. એનો બોલાશો કરવો. જેથી ધરમની અને ટોલાની આબાદી થાશે, આંમીન.

શાહનુમાં શભા તરફથી એરવદ શેરીઆરજી દાદાભાઈ ભરૂચાએ ગોસપંદાનુ માશ ખાવા વીશે, તેનાં માશનો કવાબ કરી શીરોજાની બાજ ઊપર મેલવા વીશે શમજાવેલાંનો રદીઓ.

ગોસપંદાની પરવરશી કરવા વીશે વાએજ.

દીનચુશત જરથોશતી શાહેબો, હમોએ આપેલી કબુલત પરમાણે આજ રોજે ગોશપંદાનીજ બાબદો વીશે, તેઓની ગરમીના વખતમાં તથા ઠંડીના વખતમાં સંભાલ કરવા વીશે અને તેઓના રવાંનની આરાંધના કરવા વીશે સમજાઉછેઉ. જે શાલ ૧૨૪૭ એજદજરદીમાં, હમે એક ચોપાંનીઉં કાહડી, તેમાં આવેલાં ફરમાનોનાં તમામ દાખલાઅવસતાનાં પુરાવા શાથે આપી, હીદુસતાંનમાં હાલ જે દશતુરોછે તથા વીદવાનોમાં નામ ધરાવનારા જે મોબેદો છે અને બેધીનો છે, તેઓ શાહેબો ઉપર ચોપાનીઆં મોકલેઆં હતાં, બલકે મુંબઈની પંચાતનાં મુખ્બ તરસતી શાહેબો ઉપર એક અરજ પતર શાથે, ચોપાંનીઉં મોકલેઉં હતું અને અરજ પતરમાં હેવું જણાવેઉં હતું કે આ બાબદો વીશે વીદવાન દશતુરો તરફથી ઓલાશો મેલવી, જે ધરમને નામે બીચારાં ગરીબ પશુઓ રેંહેશાઈ જાએછે, તે વીશે કંઈબી બંદોબશત કરશોતો, ચંદરોકાલ સુધી શવાબનો બેરો, તમો શાહેબોને મલશે. અને વલી તે ચોપાંનીઆંમાં દશતુરો વીશે તો, હમારી તરફનાં કેટલાએક ટીકકા વટીક કરેલા હતા. શબબ કે જે બાગે પારશા શાલ ૧૨૪૩ અજદેજરદીમાં કાઢી ઉ-

તી, તેનાં બનાવનાર દશતુરજી શાહેબ જમશેદજી રૂશતમજી બરૂચવાલા કામદીનજી શાહેબે હીંદુસથાનમાં જેવો વીદવાન હતા, તે દશતુરો તથા મોબેદો અને બેધાનો ઉપર પતરો લખી ખોલાશા માંગેઆ હતા. કેટલાએક શાહેબો ઉપરતો ૧)થી પાંચ શુધી કાગજો લખી તેનાં ખોલાશા માંગેઆ હતા, પણ કેનો હીંમત જવાબ આપવાની નહી, તેઓ અનેક ગોથવણથી અખાડા કરી ગએઆ હતા. તેઉપરથી હમે હીંમત કરી હતી. અને વલી શેઠ ખરશેદજી રૂશતમજી કામાંજીનાં જરથોશત નામામાં, ગોસપંદોનું ગોસ ખાવાનો તેવણે હોકમ આપેલો હતો તેનું ખોટું લખાન, મતલબી અરથો, હમે દેખાડી આપવા સાથે, તેવન ઉપર હમે મોકલેલો પતર તે પતરને જાહેર મેલાવડામાં જરથોસતી ટોલામાં વાંચી સમજાવા બાદ, તે લખાં નખી ચોપાનેઆંથી જાહેર કીધેલું હતુ. જે વીશે શેઠ ખરશેદજી રૂસતમજી કાંમાંજી જેવા મુગા બેથા હતા; તેવન તરફનો તથા સઘલા દશતુરો તરફનો જવાબ, શેરીઆરજી જેવા વીદવાંને રાહનુમા શભા તરફથી આપવા જેવો દેખાવ આપેઓ કે માણુસો ગુજરે તેના સગાંવાલાંએબી તરણ દહાડા ગોસત ખાવું. શાહેબો જે દહાડા તે ગુજરનારને વાસતે શવાબ કરવાના છે. તેવા શવાબમો વધારો કરવા, એ વીદવાન, ગોશ ખાવાનો હોકમ આપેછે! અને વલી તેનો ફવાબ કરી શીરોજાની બાજ ધરવા દરૂન ઉપર મેલવા ફરમાવે છે. તે વીશે એ વીદવાન શાહેબની ખાતરી કરવા નીચે પરમાણે ખોલાશો ફરૂછેઉ. દીનદાર જરથોશતી શાહેબો. આ મારી શમજાવત ઉપર ધેઆન આપવા તશદી લેવી. આપણા જરથોશતી ધરમ પુસતકોમાં ષજેશને, વંદીદાદ, વીસપરદ, નેઆએશો અને એશતો વીગેરે, અવસતામાં ગામ બ-

થા ગડુઆંમ અને ગેડશ તથા ગામચ, હેવા બોલો જે આ વેઆછે, તેના અરથો, દુધનાં થાએછે. જેમ માએના દુધથી બચાંનું પાલન થાએ છે, તેમ ગોસ્પંદોના દુધથી તમામ દુનીઆંનું પાલન કરવા, દાદાર હોરમજદે ગોસ્પંદ પેદા કરેલાં છે. ગોશપંદનો દરજજો અને માણસોનો દરજજો એક શરખી રીતે ગનેલો છે. શાહેબો અથોરનાન બોબેદો, દરેમેહરની અંદર પાવ મેહેલમો ઇજશને કરતી વખતે, પોતાનું તન પાક કરી, પાંચતાએની ખુબ કરી, ગોસ્પંદનુ, એટલે બકરીનું જીવામ એટલે દુધ દોહેછે. તેનાં અવસતા. ગે-ડશતશને ગેડશ ડરોને,તુઅ ગેડશ હુદાડંઘો,ઉરોને,હજંગરેમ બએશજનેમ બએવર બએશ્રીજનેમ. અરથ. ગોશપંદો અને તમાંમ ગોસ્પંદોના રવાંનોને અને તું ગોસ્પંદ નેકીનાં આપનારની એટલે દુધનાં આપનારની, હજાર ઘણી તંનદરોશતી અને દશ હજાર ઘણી તંનદરોશતી હોજો. શાહેબો હેવી દોઆ પેલું દુધ આપનાર ગોસ્પંદોને કરી પછી પેલું જીવામ પરગનું કરી તે હીઘોરા ઉપર મારોએની આગલ જે તશતો મેલેછે. તેમા નામે છે. પછી ઇજેશને પઢવા શહરૂ કરે છે. તેના પે-હલા હામાં આવેલા અવસતા. ગેડશતશને ગેડશ ડરોને. આતરો અહુરહેમજદાડ. અરથ ગોસ્પંદોના તંનને અને ગોસ્પંદોના રવાંનને આતશ અહુમજદનો પેદા કરેલો છે તેને. (ઇજે૦ હા૦ ૩) જો અવસતા. હોરૂઅતે અમેરેતાત, ગાડશુ હુદાડ, હોમેમચ પર હોમેમચ, એશમાસ્ચ બોએદીમચ. અરથ. ખોરદાદથી અને અમરદાદથી (એટલે પાણી અને ઉરવરથી ઇઆને ગહુથી) ગોસ્પંદના દુધના ગીઇથી, એશેમ અને બોએથી. (ઇ૦ હા૦ ૪) અવસતા. ગામચ હુદાડઘેમ, હોરૂઅતે, અમેરેતાત, ગામચ હુદાડઘેમ, હોમેમચ પર હો-

મેમચ. **અરથ.** ગોસ્પંદો નેકીના આપનારાં, ઓરદાદથી, અમેરદાદથી અને ગોસ્પંદો નેકીના આપનારાંથી હોમથી તથા ૫રા હોમથી. (હ૦ હા૦ ૭)મો. **અવસતા.** ખરથેમ મીઅદેમ, હોરૂઅતે અમેરેતાત, ગાઉશ હુદાઉ, ખશનુમને, અહુરહેમ જદાઉ અમેશનામ સ્પેંતનામ, ખશનુમને. **અરથ.** ખાનું મેજદનું,ઓરદાદ અને અમેરદાદથી બનેલું તથા ગોસ્પદોનાં, દુધથી બનેલું ગીઇ, નેકીઆપનારૂં. તેની ખશનુદીયી હોરમદને તથા અમેશાસ્પંદોને ખુશી કરૂચ. (હ૦ હા૦ ૧૦) મો **અવસતા.** ગઉએ એમેમ, ગઉએ ઉખદેમ, ગઉએ વેરેથરેમ, ગઉએ ખરેથેમ, ગઉએ વશતરેમ, ગઉએ વેરેજીઆતામ, તાંમને ખરેથાએ ફશોઇએ. **અરથ.** ગોસ્પદોને નેક શખુન બોલવા, ગોશપંદોની પંરવરશી કરવી એટલે ખોરાક આપવો, ગોશપંદોની ફતેહ ચાહાવી, ગોશપંદોને વશતર આપવું. એટલે ઠંડીના હીગામમાં વશતરથી ધાંકવાં તથા ગોશપંદોને ખોલાં રાખવાં એટલે ગરમીના હીગામમાં હવામાં રાખવાં જેનાં બદલામો તે ગોસ્પંદો, ખોરાક તથા બચાં આપે છે. શાહેબો. હાવા બોલઝા અરથ હોવાછતાં, આપખુદ લોકો પોતાની શખુનપરવરી છોડતા નથી. (હ૦ હા૦ ૧૨) મો **અવસતા.** ગેઉશ શતોઇએ. તાઇઆદેચા. હજંગદોહેચા. ઉજ માજદીઅશને નામ. **અરથ.** ગોસ્પદોની, ચોરથી અને જુલમગારોથી નેગેબાની કરૂં, હું જે મજદીઅશની છેઉ. (હ૦ હા૦ ૨૮)મો **અવસતા.** વંધેઉશ ખરતુમ મનંઘો ઇઆ ખશનેઉસ્ચા ગેઉસ્ચા ઉરૂઆને. **અરથ.** આ ખુશાલીવાલી મનશની ની અકલથી ઇઆને માઝીદાનાઇથી, ગોસ્પંદોનાં રૂઆનની એટલે જાંનની પરેજ રાખું અને તેઓનો જીવ લેવાને દુર રહેવું. (હ૦ હા૦ ૨૯મો **અવસતા.** ખશમેંગીઆ, ગેઉ

શ ઉરૂઆ. ગરેજદા કહંમાએ. માંથ્રરોજદુમ. કે માનશદ, આમા એશમો, હજઅચારેમો, આહેશાહીઆ, દરેઅચા તે ઉઇસચા, નોએદમોએ વાંશતરા, ખશમદ અનીઓ, અથા-મોએ શાંશતા, વોહુવાશતરીઆ, અદાતશા, ગેઉશ પેરેશદ, અશેમ કથાતોએ, ગઉઓ રતુશ. હીઅદ હીમ દાતા ખશી-અતો, હદા વાશતરા, ગોદાઇઓથવકશો, કેમહોએ ઉશતા હોરેમ, ઇઓ દરેગુઆદંગીશ, એશમમ વાદાઇઓદ, અ-હંમાએ અશાનોએદ, જરેજા એદુઅશો, ગઉખ પેતીમરૂ-અદ, અઉઅશાંમ, નોએદ વીદુઇએ, ઇઆશુએતે, આદરંગ, એરેશુઆનો. અરથ. બેમન અમેશાંસપંદના ગોસપંદોએ, તથા તેના રૂઆંનોએ. હોરમજદની આગલ ફરીઆદશાથે પોંકારો કીધો કે તેં હમોને શાવાસતે સરજેઆં તથા હમોને શા કારણને વાસતે પેદા કીધાં છે, ખાવાને વાસતે કે પાલવાને વાસતે. જે દેવની ખલકતનાંઓ હમોને મારે-ચ તથા ગોશશાથી ખરાબ કરેચ એટલે કાપેચ, હમોને બેપરવાહીથી રેહેશેચ ઇઆને બીન તકશીરે હમારો જા-ન લેએચ. હમોને ચોરેચ અને લુતેચ એ વીગેરે હર તરે-હમારા ઉપર જોલમ કરેચ. હમારી શંભાલ કરનાર અમેશાસપંદોમાં બેહમન શેવાએ તથા પરવરશી કરનારો તારા શીવાએ બીજો કોઇ મલે નહી. જેમ તારાથી હમોને ને-કી લાએક છે તેમ બીજાઓથી નથી કે તેઓ હમારી નેકી-થી પરવરશી કરે. ગોસપંદોને પેદા કરનાર દાદાર અહુરમજદને, અરદીબેહશત અમેશાસપંદે પુછીઉ જે. તારાં ગોસપંદોના શરદા-ર કોનછે અને એ વીશે તારો હોકમ શુંછે એટલે ગોસપંદો વી-શે. હોરમજદે, અરદીબેશત અમેસાસપંદને.હેવો જવાબ દીધો જે, અકુનમંદ શખશ, જે બેહમંનનાં ગોસપંદોની લાએક

ખોરાક આંપવા શાતે પરવરશી કરે તેઓ અને પાલવાની કોશેશ કરે તેઓ. પશો હોરૂન શગની મીશાલે. એટલે પશો હોરૂન શગ. જેમ ભરવાડનાં. ગોશપંદોનાં ટોલાંમો. ગોશપંદોની, વાગ વરૂથી અને ચોરોથી શમભાલ કરેછે તેમ. તેજ શખશ ગોશપંદોનો શરદાર. ગોશપંદોની નેકીનો શાહેબ એટલે ગોશપંદોનાં દુધનો માલેકછે. કે તે દરૂવંદોને શીક્ષતે કરવુ કરે અને દેવની ખશલતનાંઓને ટોડવુ કરે. તથા જે શખશ કે ગોસ્પંદોની તેની સરદારી એટલે નેગેબાની નહી કરે. અને તેઓને આજાર દીએ. તે દરવંદોનાં. એટલે દેવ પશંદ કામ કરનારાઓનાં રૂઆંન ઉપર. લેઆનત નાંખવા શાતે મીનો જેહાંનમાં આજાબ પોહોચે ઇઆને તેવા દોજખી લોકો પોતાનાં• કીધેલાં બુરાં કાંમોનો જાનો હાંશલ કરે. (ઇ હા૦ ૩૧ મો.) (અવસ્તા) અદહે અઇઆઉ. ફરૂઅરેતા, વાશ તરેમ અખીઆઉ. ક્ષશો ઇ અંતેમ, અહુરેમ અ_શુઅનેમ. વંધેઉશ ક્ષશંગી મનંઘો. નોએદ મજદા અઉ આશત રીઓ. દેઊઅશ ચેનાં હુમેરેતોએ. બખશતા* દુશશીઓથનાએશ. અહુરા ઇએ નોએદ. જીઓ તુમ. હનરે વીનશતી. વાશતરીઆ અનંઘો, પશઓશ, વીરાઅદ્રચા. અદરોજીઅતો. અરથ. ગોશપંદોનાં ટોલાંની વરધી કરનારા. અને ખાજાઓને. તેવીશે ક્ષરમાંન આપનારા. તેઓની જીનદગી શુંધી બરદાશ લેનારા. તેઓને વખતશર ખોરાક આપનારાઓછે. જેઓ બેહમન અમેસાસ્પંદનાં ગોસ્પંદની વરધી કરે. અને તેઓની નેકીથી પરવરી કરે. તેઓ અશોઇની શાહેબી પાંમનારાછે. તથા દેવની ખાહેશનાઓ. જેવા કે ગોશપંદોની પરવરી કરવાને એખતીઆરી નહી કરે. અને પરવરી કરવાનો નેક મારગ કોઇને નહી બતાવે અને કેટલીએક દેવની

ખશલત હાંશલકરે. તેવા આશમોગોને એટલે દેવની ચાલ ચાલનારાઓને. હોરમજદ બેહેશત નહી આપે. જેઓ નેક કાંમ કરનારાછે જેઓ પશુઓને તથા માંનશોને ખુશીથી રાખે. જે તેઓને વાશતે ખોટું બોલે. તથા બુગ કામોકરી તેને શતાવે. તેઓ દાદાર અહુરમજદથી જીદગીનો બદલો નહી હાંશલકરે. એટલે તેઓ. બુલંદ બેહશત નહી હાંશલ કરે. (ય૦ હા ૦ ૩૨ મો.) અવસતા. મજદાઉ અકા મરેદ. ઇઓ ગેઉશ મરંદાંન, ઉરૂઆખશ ઉખતી જીઓતુમ. અરથ. જેઓ ગોસપંદોને ખરાબી આપવામો. એતલે ગોસપંદોને ગાત કરવામો, ખુશી ભરેલી જીંદગી કહેચ. અથવા કાપવાને ઇઆ ખાવાને હોકમ આપેચ. તેઓને હોરમજદે મારવા કહેલુંછે. એતલે તેવા બુરાઓને દુર રાખવા હોરમજદે કહેલુંછે (ય૦ ય૦ ૩૩મો) અવસતા અએરીઅમનસચા, નદેનતો ગેઉસચા વાશતરાદ, અચેશતેમ મનનુ. ઇઅચતે વીસપ મજેશતેમ. શરોશમ જેબીઆ. અઉ અંઘાનો. અરથ. જે ધણી નેક ફરમાંનોને નેહસત કરવુ આપેચ. અને ગોસપંદોની પરવરી કરવાનુ કામ બુરા વીચારથી કરેચ. તેઓ કેઆંમતને દાંહડે. તમાંમ મજદીઅશનાંનોથી, શરોશને મદતગારને વાશતે તેદસે. એતલે તમાંમ મજદીઅનીઓ, તેવા ગુનેગારને મદત કરવા, શરોશની આરઝના કરશે. તોએ પણ તેવો ગુનેગાર તોબા કરશે. ઇઆને પશતાસે. (ય૦ હા૦ ૨૫ મો.) અવસતા ગઉઓ અદાએશ. તાએશ શીઓથનાએશ. ઇઆએશ વહેશતાએશ. ફરેરીઆમહી. રામાચ. વાશતરેમચ. દજદીઆએ. અરથ. ગોશપંદોને ગાશ આપનુ. અને તેઓને વાશતે ચાંરીઆં કરવાં. એટલે ચરવાને વાશતે બોલબાં મેદાન રાખવાં. તે બાજોરગ કાંમ, દુનીઆંમાં આદમીઓને. હુ ફરમાઉ.

કે ગોશપંદોની પરવશી કરવાથી તેઓને ખુશી ઊપજેછે. અ
ને તેઓની પરવરી કરનારને. વગર દેહેશતની શંમશની હાંશ
લ થએછે. યાને તે ધણી બંધો જેઆનમાં શુખ પાંમેચ,
(ઇ૦ હા૦ ૪૬મો) અવસતા. અદતેગ, દરેગુઆઉ યાઅંગ.
અશહીઆ વજદરંગ, પાદગાઓ ફરોરે તોએશ, શીઅથરહી-
આ, વા દખીડસ. વા દૃજજો, બાઓ હાંશ. બાએશ શીઓ
થનાએશ, અહમેઅશતોં યઅશતીમ, ખશથરાદ, મજદા મોએ
થવદ, જીઆતેઓશ, વાહુઓ તેંગ, ફરોગાઓ પથમેંગ, હુવે
શનો ચરદ. અરથ. જેઓ અશોઇ એખતીઆર કરનારાઓને
તથા જેઓ ગોસપંદોને, શેહરમાં, યા ગાંમમાં, હરએક જગો
એ, ફરવા નહી દેએ, તેઓ પોતે જાતે દરવંદોછે એટલે બુરા
ઓછે. તેઓ પોતાની હાવી બુરી ચાલથી તથા નાલાએક ચાલ
થી. ગોએઆ મુઆ બરોબરછે તથા જેઓ હોરમજદની શાહે
બીને પોહોંચી તેઓ ગુનેગાગારોને અને બુદાઓને તાલનારા
છે. તથા બુજોરગ ગોસપંદોનો નેક દાંનઇથી વધારો કરનારાછે.
તેઓજ ખરી જીંદગી ચલાવેછે એતલે પોતાનુ જીવતુ નાંમ રા
ખેછે. (ઇ૦હા૦૫૨મો)અવસતા. કુથરા અશોખીએને. અશેમ
કુસપંતા, આરમેતશ, કુથરા મનો વેહેશતેમ, કુથરા થવા, ખશ
થરા મજદા વીસપાતા, વરેશાંશ, યઅથા અશાદ હ્વા, ગાંમ
વીદદ, વાંશતરીઓ શીઓથનાએશ, એરેશુઓહાંશ, હુખરેતુશ
નેમંગા. અરથ. અએ દાદાર હોરમજદ, અરદીબેશત અમેશા
સપંદ કેહી જગોએછે અને શમપુરન મનશનીનો સપંદારમદ
ક્રહે કેકાંને છે તથા કેહી જગોએ બેહમન અમેશાસપંદ છે
અને તારી શાહેબી કાંહાંછે. જવાબ દીધો હોરમજદે, કે જે તેં
પુછીઊ, તે સઘલુ એ રવશેછે, કે ગોસપંદોની પરવરશી કરવાથી
નેક મનશની હાંશલ થાએછે, જે જગો ઊપર ગોસપંદોની પરવ

શી થતી હોએ, તે જગો ઉપર બેહેમન તથા અરદીબેહેશત છે. જાંહાં નેક મનશની અખતીઆર કરનારા તથા રાશતી જુબાં નનાં એતલે શાચી નેઆએશ કરનારા. તેવી ભલી અકલનાં બાલા લોકો છે. તાંહાં સ્પંદારમદ છે તથા મારી શાહેબી છે. અવસતા. નોએદ ઉરૂઆથા, દાતોએ બીઅસ્યા, કરપનો વાશતરાદ, અરેમ ગઊઆએ, આરેશ, આશેંદા બાએશ, શી અથનાએસ્યા, શેંઘાએસ્યા, દએદશ શેંવો, અપેમેમ દરૂજો દેમાંને આદાદ. અરથ. જે કરપ લોકો એટલે કીનાં ખોરા લોકો જાંનીબુઝીને નેક મારગ એખતીઆર કરવાથી પાછા રેહેછે, જેઓ ગોસપંદોની નાબુદી શીખવે એટલે ગોસ પંદોને મારવા અથવા કાપવા કહે, જેઓ ગોસપંદોને કાપે, જેઓ બુરી રશમ ચાલે, તેમ ચાલવાને બીજાઓને શીખવે તો, તેઓ બુરૂ ચાલવાથી અથવા બીજાઓને ચ લાવવાથી પોતાનાં રૂઆંનને આકેબત દેવ દરૂજોને શવાધીન કરે. યાને પોતાનાં રૂઆંનને દોજખનાં અજાબમાં નાંખે. (ઙ૦ હાં૦ ૫૮મો) અવસતા. અશેસત નુ અંઘહદ હચ વીશદ. ગાઉશ બોઇઆદ. અરથ. જે ઘરમાં તથા મોહ લાઓમાં ગોસપંદોનાં ટોલાછે. તેની હંમેશ વરવી થજો. (શાહેઓ આ યજેશનેનાં તુક પુરાવાથી તમો મીજલશીઓની ખાતરી થઇ હોશે.) વલી વીશતાસપ નુશકની પરગરદ ૬ થી નાં અવસ્તા આપણને શુ કહેછે. તે જોવો. અઇઆંમ તનમ ઓ શરી રઇઆઓ ગઉઅ હુદાઉંઘો વાશતરીએનતેસ અશહે દેરીઆદ પનતાંમ તેમ પનતાંમ હથરાએને હથર. અરથ. હીમત પકડીને તું પોતાનાં તનને નેક પેદા કીધેલાં ગોસપ દોની પરવશી કરવામો શપુરદ કર યાને હીમતથી ગોસપંદોની પરવશી કર. દીન અને રાત ગોસપંદોની ખીદમત

કરવામાં તારાં તંનને શોક અને તેઓને ગાશ ખાવાને
મુક તેથી તુ શવાબનાં મારગોમાંનો તે મારગ પાંમે. જેથી તુ
તે જેહાંનની નેક રાહા હાશલ કરે એટલે બેહશત મેલવે.
અરદાફરોશનાં અફરંગાંનનાં, અવસતા. ગોમત જશત વશ
તરવત* બાઇ/આદ અહમેનમાંને, ગેડમચ વાંચવ, વીરતાંમચ,
અરથ. ગાએને હાથે અને વશતરને હાથે એટલે ગાએની
અને વશતરની શખાવત શાથે * જે ગેરનાં દરમેઆંનમાં
ગોસપંદોનાં ટોલાં હોએ. તે નેઆદ થજો. (શાહેબો હા
લનાં જરથોશતીઓ ઊથેમનાની કીરીઆ થવા પછી જે ફ
રજ તરીકે તેનો વારેશ ફરજ લેએછે. તે વખતે પેહલી ફરજ
અદા કરવા અશોને ગાએ આપેછે. તેને બદલે ૧)રૂપેઓ આપી
ને પતાવેછે. વલી અશોને વશતર આપવાનું ફરમાંન છે. તે
ભલાં ફરમાંન પરમાંને ચાલવાનો રવાઇઓ હજારો વરશથી
ચાલતો અવેઓ છે. તે શબબથી રેઆરમ જેવી ભલી તી
રત ઊપર, તે મરનારનાં બેશીઓને માથે તરણ દાહડા જે
મોહતી ફરજછે, તે ફરજ અદા કરવા શેઆવ તરીજી રાતે,
રૂઆંનની અને ફરોહરની નાઇએતે હજાવી. ગેરનાંજ પથકી
ને આપેછે, તેમાં ખોતુ શું થઇઊ. વલી શેરીઆરજીનાં કહેઆ
પરમાંને શેઆવ અશોને આપવોજ જોઇએ. તો ગેરનો ધર
મ કીરીઆ કરનારને મેલી કેઆ અશોને આપે. જેમે
આગલ કેહેઉ તેમ ગેરનો પંથકી તરણ દાહડા મરનારનાં દર
વાજા આગલ રેહી બીજાં શગાં વાલા જેઓ મરનારને દર
વાજે શવાબ કરવા એતલે બંદગી કરવા આવેછે. તેઓને આ
વો શાહેબ જાવો શાહેબ કરીને મેહનત કરી, તે મેહનતનાં
બદલાંમાં ૧) શેઆવ મેલવે તેમાં નવાઇ શું થઇ. તેઓ પો
તાને ગેરનો ધરમ ગુરૂ મેલી બીજાં અશોને કાંહાં શોધવા જા-

એ, હાલ જેઓ જામાં પીછોડી, શીઆલ દપોતા નાખેછે, બાહારના દમામ અને ભપકા કરેછે, તેનેજ શેરીઆરજી અશો કહેછે કે કેમ. તે વીશે ભાશાંન કરતાએ ભોલાશો કરવો જોઇતો હતો. ઇરાની પતેતનાં અવસતા. અજ હરાઇન ગુનાહા કે મન મોનોએ હા અંદર વહમન અમેશાસપંદ. વ ગેતીઆ અંદર, ગોસપંદ વ ગોસપંદ શરદેઆંજત, ગોસપંદરાજદમ, વ બેશીનીદમ, વ ૫ બેદાદ હા કોસતમ, વ વાશતર, વ આબ, બ ગાહએ, અશ ન દાદમ, અશતે શીકશતેહે, અજ દુજદ, વ ગુરગ, વ રાહાદાદ, નીગાહા ન દાશતમ, અજ શરમા, વ ગહરમા, અંદમાં, બ ન પેહરેખતમ, વ ગોસપંદે જેહે જવાં કે કોશતમ, ગાવે વરજ, વ અસપે કારજારી, બરહે વ બુજગાલે, વ ખરૂશ, વ મોરગે કાશકીને કે કોશતમ, તાપ હમ વેહાં વેહાં, કે વહન અમેશાસપંદ, અજમન આજુરદે એશતેદ, વ ન ખશનુદ, મનશની, વ ગગસની, વ કુનશની, તની વ રવાંની, ગેતી વ મીનો, અજશહમેવ નાહી અવાખશ, વ પશેમાંન પ પતેત હોમ. અરથ. હરભાંતનો ગુનાહા કે મે મીનો બહમન અમેશાસપંદોનાં ગોસપંદો અને ગોસપંદોની જાતો શાથે કીધો હોએ, બુરી રવેશ ચાલીઆથી જે ગુનાહ મહને પોહોંચેઓ. એટલે ગોસપંદોને મેં મારેઆં અને કાપેઆં તથા તેઓને મે આજાર દીધો અને બેઇનશાફી કીધી તથા મેં તેઓને વખતશર ઘાશ, પાણી નહી આપીઉ, તેઓના મેં હાર બાંજેઆં, ચોરોનાં તથા રાહમારૂઓના આશેકૂથી મેં તેઓને નેગાહ નહી રાખેઆ, તાહદમાં તથા ગરમીમાં મેં તેઓની અંદાજાશર પહરેજ નહી રાખી, એટલે મેં તાહડની રૂતુમાં થથરતાં રાખેઆં અને મેં ગરમોની રૂતુમાં બોલસી

હવામાં નહી રાખેઆં. તથા જોતીના બલદોને અને તમાંમ ગોસ્પંદોને, લડાઈનાં ઘોડાને તથા ગોસ્પંદોની ગોખમને તથા મુરગને અને મુરગે કાશકી નામના પરંદાંને મેં કાપેઆં. એ સઘલાં ભલાંઓ શાતે મારાથી ભલાઈ નહી થઈ, તેને લીધે બેહમન અમેશાસ્પંદ મારાથી આજુરદે તથા નાખુશ થએઓ તે વાશતે તે હર જાતનાં ગુનાહથી, મારી નેકમનશની, નેક ગવશની, અને નેક કોનશની એ કરી, તને કરી, રૂઆંને કરી, ગેતીનાં તથા મીનોનાં હથીઆરે કરી એટલે મારી જાતી અકકલે તથા મીનો અકકલે કરી, હું તોબા કરી પશતાવા શાથે પાછો ફરૂંછેઉ. શાહેબો, આ બાબદોથી તમારી પુરતી ખાતરી થઈ જોઈએ. ગહંબારનાં અપરગાનના અવસતા. દાતાએચ, અએતે મજદીઅશને, અએ તુમ રતુમચ, મીઅજદેમચ, ઇમ મેદીઓજરેમેમ, પઈઓશ, ગરેબોશ, ઇઓ એશતે, ફરાઓરોજદ, પઇઅંઘોહો, ઇએજી તદ ઇએ ઇઅતે, નઉઆદ તદ ઇએ ઇએતે, હોરીઆઙચેદ, અદ અએતોઉઅતો, દેદીઅદ, આદેદ, પરંધારીઅદ, અરથ. મજદીઅશનીઓ, મેદીઓજરેમ ગહંબારમાં અથવા હર ગહંબારમાં. ગોસ્પંદોના દુધનું પકાવેલુ મીથુ ખાનુ મજદીઅશનાનોને આપે, અગર તેવું મીથું પકવાંન કરવાને કોઇની શકતી નહી હોએતો, બીજી હરએક મીથાશની ચીજથી, ખાનુ પકાવીને આપે. જે અશો હોએ તેને. શાહેબો. જે બોલ પઇઅંઘો, કરી આવેલોછે. તેનો અરથ દુધનો થાએછે. તીરઅશગનાં અવસતા. ઇએમ પેતેશ મેરેનતે, પશુઅચ, શતોરાચ, મરીઆચ, અરથ. ઇઆદ કરેછે પશુઓ તથા મોહતાં ઘોરો અને માણશો. શાહેબો વરસાદને તમામ પશુઓ તે બધી જાતનાં ગોસ્પંદો અને વલી મોહતાં ઘોરો એટ-

લે ગાએ, ભેશ, બરદ, ઘોડો, ઉથ, હાથી, ઇતીઆદી તથા વલી માનશો બી વરશાદને ઇઆદ કરે છે કારણકે વરશાદના વરશવાથીજ દુનીઆં જીવે. પશુઓને વાસતે ઘાશ તથા પાણી મલે તથા માણશોને વાશતે તમાંમ જાતનો દાંણો અને ઝરવરો પેદા થાએ, તે શાથે પાનીથી જીવવું કરે. ગોશ એશતના **અવસતા.** દરવો પશુઆંમ દરવો શતો રામ, દરવો ઝરવથાંમ, દરવો અપેરેનાઇએોકામ. **અરથ.** જે પશુઓને દરૂશતી આપનાર, મોહતાં ચીરોને દરૂશતી આપનાર, બચ્ચાંઓને દરૂશતાં આપનારછે. મેહેર એશતનાં **અવસતા.** આઅદ હવ પશુવીર, વશીખશથરો ફરચરઅતે, તદનો જમીઆદ અવંઘહે, મેથર અહુર બેરેજંત, **અરથ.** એ બુલંદ મેહેરઇજદ શાહેબ, તું પશુ અને માણશો ઉપર રાજ ચલાવનાર, આગલ વધે છે તેમ, મારી મદતને વાસતે પોહોંચો. ફરવદીન એશતનાં **અવસતા.** જેમાદ હજુખશઠએતે, ઝરવરાઝ થરા થરાએ, પશવાઓ વીરઇઆઝ થરા થરાએ, અએરીઅનામ દખીઝનામ થરાથરાએ,ગેઝશ પંતો હીઆઇઆઓ, અવંઘહે નરાંમ અશઓનામ, **અરથ.** ગોશપંદો અને માણશોની પરવરશીને માટે. ઇરાનનાં દેશોની પરવશીને માટે. ભારબરદારી ગોશપંદોની પરવરશીને માટે. અને અશોમરદની પરવરશીને માટે સઘલી જાતના ઝાડપાનો મતોડીમાંથી ઉગે છે. શાહેબો આ તુક બોલો ઉપરથીજ તમારી ખાતરી થઇ હોશે કે ગોશપંદોની, માણશોની, વલી ભારબરદારી મોહટાં ગોશપંદોની તથા અશો મરદોની, એઓની પરવશીને વાસતે ખોરાક મતોડીમાંથી પેદા થાએછે. ગોશપંદોને વાશતે ગાહશ અને માણસને વાસતે ઝરવરમાં દાંણો અને ફ-ફત, જેના પેદાએશ જમીનમાંથી પેદા થઇછે. **અવસતા.** ઇ-

અદજી મે ને.એદ દેદીત ડપશતાંમ ડગરાઓ અશોનામ પરવશીઓ, નોએદ મે એદ આઓબાહદ, તેમાશુવીર, ઇઆ શનોશરદેનામ, વહુશતે દરજો, ડપરે દરજો, ખશથરેમ દરજો, અશતવાઓ અંધેડશ. આઓંબાહદ. અરથ. અગરજો પવી તરોની ગાલેબ પરવશીઓ મને મદત નહી આપતે તો મા શાં પશુ. અને માણસ. જે બંધા સરવે જાતોમાં ઊતમ છે. તે નહી થએલાં હોતે પણ દરજનો વધારો અને દરજની બાહદશાહી તથા દરજનીજ તનોમન દુનીઆંબી થઇ હોતે. અવસતા. એરજેનતે, શતવએશેમ, અંતર જાંમ અશમ નેમચ, તદ આપેમ જવનો, શરતેમ, તચદ આપેમ ડપશી અદ, ડરવરેમ થરાથરાએ;પશુઆડ વીરઇઆડ થરાથરાએ. અ એરીઅનામ દખીડનામ થરાથરાએ, ગેડશ પંતો હીઅઈઆડ અવંધહે નરામ અશઓનામ. અરથ. તેઓ જમીન અને આ શમાનની વચે પાંણીચલાવનાર. બારી ગગરાત કરનાર, પાણી ચલાવી જાહાડ પાનને ઊગાવનાર, શતવશ શીતારો, પશુ અને માણશોની પરવરશીને માટે, ઇરાનના દેશની પરવરશીને માટે, ભારબરદારી ગોસપંદોની પરવરશીને માટ અને અશો મરદની મદતનેશારૂ પોહોંચે છે. અવસતા. બુઇઆદ અહમે નમાને, ગેડસચ વાથવ, વીરનામચ,બુઇઆદ, આશુસચ, અ, સપો દરેજેસચ વાખશો, બોઇઆદ નાશતાઓ, વીઆગનો- ઇઓનોબાદ, ફરાઇઅજાએતે, ગઓમત જશતે, વશતરવત, અશનાશનેમંધહે. અરથ. તારેતાંહાં ગોસપંદોના ટોળાં થાઓ, તથા માણશોના ટોળાં થાઓ, તારેતાંહાં જદફવાલો ઘોડો અને મજબુત ગાડી થાઓ, જે શખશ હમાને ગાએવાલા તથા વશતરવાલા હાથ વતે પવીતરાઇ શાથે તાબેદારીથી, પાકી મેલવી હંમેશાં ઇજે, તેઓ વધારે તાગીફુલાએક અને વ-

ખનાએલા થાઉ. અવસતા. સઓશીઅંતામ યઅજમએદે, ઉરૂનો યઅજમએદે, પશુકનામ યએજમએદે, દએતકનાંમ યઅજએદે. અરથ. પેગમબરોની ફરવશીને આરાધીએ છેયએ, રવાંનની ફરવશીને આરાધીએ છેયએ, પશુઓની એટલે ગોસપંદોની ફરવશીને આરાધીએ છેયએ, પાલેલાં જાંનવરોની ફરવશીને યજીએ છેયએ. અવસતા. અશઓનીમ, ચરાંકૃદામ. ગેઉસચ વાસતરેચ. ફરેતાંમ. ગેઉસચ વાશતરેચ. અરથ. બુલંદ રાજ કરતી. નહી ઘાત કરનારી. શાચચી. ગોસપંદોને અને જાહાડ પાંનોને તરૂપત્રી આપનારી. ગોસપંદો ઉપર તથા જાહદપાનો ઉપર પેઆર કરનારી થય. રામએશતંના અવસતા. યઅદ બવાને, ખરૂનંઘશતેમો, જાતનામ, હવરે દરેશે મશીઆનામ, યઅદકેરેનવાને, માઉયઅ ખશરાદ, અમેરેઅશેત, પસુવીર, અપેઓશમને." અરથ. તું મને બખશેશ આપ કે હું સઘલાં જનમ પાંમેલાં માણસો કરતાં અતીશે નુરવાલો ખોરશેદના દેખાવ જેવો થાઉ કે હું મારી પાહદશાહીના વખતમાં, પશુઓને અને માણશોને, મોહત વગરનાં કરૂ, (શાહેદો. એ પરમાણે પાહદશાહા જમશેદે દાદાર અહુરમજદને કેહીઉ.) અવસતા. તદ અશતે કવેમ ખરેનો ચરા ચરેમ, ગેઉશ પતોહીઆઉ. અવંઘહે નગમ અશઓનામ. દેનીઆઉસચ માજદીઅશ નોઇશ. અરથ. તે કેઆની નુર ઈરાંનીઓના એટલે ભલા લોકોના મુલકોની તથા બારબરદારી ગોસપંદોની, પવીતર માણશોની અને મજદીઅશની દીનને માટે છે. માહાબોખતાર ને આદ્રશનાં. અવસતા. માઉંગહે ગોચેથરહે, ગેઉસચ અહુઓ દાએતીઆઉ. ગેઉસચ પોઉરૂ શરેદઉંઆઉ. ખશનઓથર યઅશનાએચ, વહમાએચ, ખશનઓ થરાએચ, ફરશસ્ત તઇ-

૬૨. અરથ. માહતાભ ગોસપંદ તોખમીની, ગાવીઓદાદ ગાએની, ગોસ્પંદોની જાતોની. ઇજસને, નેઆએશ, ખુશી અને વખાન કરવાને હું કબુલ કરૂ. આતશની નેઆએશ-ના. અવસતા. હખ્દ઼મેહેમ. ઉપથવહખશીએદ. ગેઉસ્ચ વાથવ. ઉપચીરનામ પોઉરૂતાએશ. અરથ. તું બેઆજાર અ ને ધરાએલો રેહજે. તુને બાલાતર ગોસપંદોનો ટોલો તથા બોજોરગ બેટાનાં ફરજંદો ઉઆદા થાઓ. (શાહેબો. આ તશની જાલવની કરનારને તેના બંદગી કરનારને, તેને વા-સતે ખોરાક લેઈ જનારાઓને. આતશ અને આગીબેશન ફરેશતો દોઆ કરે છે.) હવે તમો શાહેબોની તો પુરી ખાતરી થવી જોઇએ કે માંણશને અને ગોસપંદોને, એક સરખી રીતે ગનેલાં છે. તેવારે આપણને શેરીઆદઉ ફી-વા વીદવાંન, શું સબબને વાસતે ગોતું ખવારે છે. અને પોતે તકશીરવાર થવાશાતે, આપણનેબી ગુનેગાર કરે છે. અએવેશરૂથરેમ મેહેના. અવસતા. માથરેમ સ્પેંતેમ અશ-વનેમ અશહે રતુમ ઇઅજમઇદે. ગેઉશ ઉરૂઆનેમ અશ-વનેમ અશહે રતુમ ઇઅજમઇદે. અરથ. માથરવાંની એટલે અવસતાજોબાંન, બોજોરગ અશોઇવાલી અશો છે. તેને આરાધુ. ગોસપંદોનો ટોલો અશો અશોઇવાલોછે તેને ઇજુ. પશેમાની પતેતના. અવસતા. ઉએમ અંદર, બેહમન ગાઉ ગોસ્પંદ, ગોસ્પંદ શરદેગાંજસતે. પપતેત હોમ. અરથ. જે મારેથી બેહમન અમેશાસ્પંદના ગોસ્પંદો અને જાત જા-તનાં ગોસ્પંદો સાતે. ગુનાહ થએઓ હોએતો હું પશેમાન થઇ પસતાવો કરૂ છેઉ. અવસતા. આ તશ શેરખ શેજ. શગ, વર, ગોસ્પંદ. પંજાઇન. ચુન મન અંદર ગુનેહગાર બુદ એશતેદ હોમ. અજાન ગુનાહા,

મનશની, ગવસની, કુનશની,* પ પતેત હોમ અજ ગુનાંહા. **અરથ.** બલતો આતશ, શગ એટલે કુતરાં, પખશી, ગોસ્પંદ પાંચ જાતના સાથે, મારાથી અંજાણપણે ગુનાહા થાએઓ હોએતો. મારી મનશનીથી, ગવશનાથી, કુનશની થી * પશતાવો છરૂંછઉ અને પશેમાન થાઉછેઉ. વંદીદાદની બીજી પરગરદના. **અવસતા.** પશેઉશ, અનોમહઅહે, પદેમ વનાઈતીમ. **અરથ.** એ જગો ગોસ્પંદોના બકરાંનાં કદમ દેખે. **અવસતા.** હથર તોખમે ઉપ બરદ, પશુઆમચ, શતોરોનામચ , મશીઆ નાંમચ. **અરથ.** એ પરમાંને ગોસ્પંદોના, મોહટાં ધોરોના, માણસોના, તોખમ લેઇજા. **અવસતા.** ચેરેતો દારાજો કેમચેદ પેતે ચેથરે ઓશનામ, ગઉઆમ ગાઉશઆમ. **અરથ.** ચેઆરે તરફથી લાંમપો, પોહલો, ચોખુન ગોફ્રા બનાઉ, ગોસ્પંદોને વાસ્તે. (શાહેઓ પાદશાહ જમશેદને, દાદાર આહુરમજદે એ પરમાને કહીઉ હતું. તેઓને વજકરદ ગોપામો લેઇ જાવાને વાસ્તે.) વંદીદાદની તરીજી પરગરદનાં. **અવસતા.** ગઓજશતો. **અરથ.** ગાએને હાતે. એટલે ગોસ્પંદની શખાવત શાતે. વંદીદાદની ચોથી પરગરદના. **અવસતા.** થરેતીઓ પશો મજો. ગુઓગ્રઓ શતોરો મજો. **અરથ.** તરીજો ગોસ્પંદ કોલ અંદાજો. ચોથો મોહટાં ધોર કોલ અદાજો. (શાહેઓ આ જગોએ ગોસ્પંદો અને મોહટાં ધોરોને, વેચવાને, ઇગા ખરીદ કરવાને, અથવા કે ઇને શખાવને આપવાને, જે કોલ આપેઓ હોએ, મોનાનો કે લખી દશતાવેજથી, તે વીશેઆવેલું.) **અવસતા.** માં ગેઉશ, મા વશતરે, ફુનો અદાએતીમ. **અરથ.** નહી ગોસ્પંદ, નહી કપડું તું આપે. (એટલે તું ગોસ્પંદની અને વસતરની શખાવત નહી કરે. શાહેઓ આ જગો

ઊપર જુદદીનવાલાને હેવી સખાવત કરવાને વાસતે મનાઈ આવી છે.) **અવસતા.** ઇમ્મો ગેડશ ડરોથવરે, હાંમ પા ૪-રાભ્મેને. ઇઅથ હાઅેા ઇમ્મો નાભ્મેદ. ઇઅથ હો ડપ મેરેતે. **અરથ.** જે ગોસપંદાને અને પશુઓને, ધરાઅેમાં નહી રાખે તો. પછી તે ભુખે મરેતો. (શાહેઓ ગોસપંદાને ખોરાકઆપવો જોઇએ. વંદીદાદની પાંચમી પરગદના. **અવસતા.** આઅદ પસ ચેતે, અરપે ગજો ડરૂઅતતામ, અસપીઅ નામચ પઇઅં-ધામ, ગાઊ ઇઅ નામચ, મેશને નામચ, બુજીઅ નામચ. **અરથ.** એ રવેશે આપે બુલંદ ખોરાક. ઘોડીંનુ,ગાઇનું, ભેશ-નું. અને બકરીનું દુધ. **અવસતા.** હાંમ વોરેનામ. ડશ વોરેનામ. ગામચ ખાશતેમ અના પેમ, ઇડમચ અશીમચ અનાપેમ. મદુચ અનાપેમ. **અરથ.** પછી તેને વગર પાંણીનો ખોરાક દુધમો પકાવેલો, વગર પાણીની દવા આપે. (શાહેઓ આ બાબદ, જે ડરત મુવેલું બચચુ જને, તેને વાસતે છે, તેની માવજત કરવી જોઇએ. કે તેના પેટમો બચચું મરી જવાથી, તેને નુકશાન પોહોચે અને તેનું ગરભસતાંન અપવીતર થવાથી, તે ઉપર પાણી નહી પદવાનો શબબ આવેલો છે, તેને પરથમતો ગોસપંદાની નીરંદી પાવી જોઇએ. પછી તેની દવા કરવી પડેતો તેબી વગર પાણી નીજ આપવી જોઇએ. એવું ખોલલું આવેલું છે. જે અપવીતર બનીઊ તેને પવીતર બનાવા નીરંગડી પાવી. પછી તરણ દાહાડા સુધી દુધમાંજ પકાવેલો ખોરાક. દવાબી વગર પાણીની આપવી. હવે એનું કારણ આપણા ધરમ પરમાણે એવું શમજવું. કે તેના ગરભસથાનમાં બચ્ચું મરી જવાથી તે જગાને ગોરસતાન કરીનેબી કહેછે. તે અપવીતર જગા ઉપર પાણી નહી લાગુ થાએ એવુ માલમ પડે છે. જેમ ઝીમન જગા ઊપર તથા હેરનશા ઉપર પાણી નામવાનો હોકમ

નથી તેમ. વલી પેહલા તરણ દાહાડામાં તે ઓરતથી ભુખ નહી ખમાએ તો તે વીશે એવું ફરમાણછે કે દીનનો દશતુર હોએ તેને તથા દાકતરોને પુછી. તેને તેઓ અંણ ખવાદવા હોકમ આપેતો ખવાદે સબબ કે તે ભુખના જોશથી દેવાંની બને નહી. શાહેબો આ ભાશાંનો ઉપરથી તમોએજ તમારી દાનાઇથી વીચારી લેવું.

જરતોશતી શાહેબો ગોશપંદ વીશે, તેનું માશ ખાવા વીશે, તો તમો રહેમદેલ જરથોશતીઓની પુગતી ખાતરી થઇ હોશે, હવે મારૂ કેહવાનું તમો શાહેબોને હેવુંછે કે તમાર પેટને વાશતે તમો હાવો ખોરાક ખાશોતો મારી કંઇ જાબરી નથી પણ ધરમને બાંને, ધરમને એરમો મેલી, જશનો, ગહંબારો, આપરા ગુજરેલાં રૂઆનોનાં દહાડા ઉપર શવાબ કરવાને બદલે ઓર ગુનાહા કરો છોઓ, આારાં મા બાપના, આપરી ચહડતી પેહડીનાં ૫રોહરો, આ લોભી દુનીઆંમાં હાવો ગુનાહ ભુલથી કરી ગીઆં, અંજાનપણે ગફલતી કરી ગીઆં, તેઓને વાશતે તેઓની નઇએતે આપણે જાનવા છતાં જો ગુનાહા કરીએતો હેનો દોશ તેઓને માંથે નથી. શાહેબો હેવી વખતે શતુમ પનાવો, તેમાં હાલુ, ખાનું નહી કરોતો ઘણું શારૂ. ગુજાશ માફક દુધનુ ઇઆ હરેક તરકારીનું પકવાન કરો. અને તે ઉપર ધરમ કીરીઆ કરાવો એટલે શતુમ પઢાવો જેથી શવાબની નેમ જલ વાએ અને ગોશપંદોના ઉપર જે ફરેશતાઓ ઉપરીછે, તેએ ખુશી થાએ. શાહેબો રૂઆંન કે ફરેશતા, હાવા ખોરાકની ઉમેદ રાખતા નથી, તેઓ તો બંદગીના ખોરાકની અને શાદી ખુશીઓવાલી ચીજ આતશ ઉપર બારવાની, મોરાદ રાખેછે.

વેચવાના છે.

રૂ૦। ગાહનુમાં શભા તરફથી એરવદ શેરીઆરજી દાદાભાઇ ભારૂચાએ, રૂઆંણુની કોરીઆવીશે કીધેલાં ભાશાંન ૫) નો રદીઓ. હમે કીધેલાં, તરન ભાશાંનથી.

જરથોશતી ધરમબોધ ચોપાંનીઆં.

રૂ૦)= ભાગ ૨ જો.

રૂ૦)≡ ભાગ ૧) લો તથા ૨) જો શાથે છાપેલો.

રૂ૦)≡ ભાગ ૩ જો.

રૂ૦। ભાગ ૪ થો.

રૂ૦।।। ચેઆરે ભાગ શાથે બાંધેલા શાદી બાંધણીથી.

રૂ૧) ચેઆરે ભાગ શાથે બાંધેલા ગીલીટનાં

રૂ૨) ગાથા દાને જરતોશતીઆંન એટલે જરતોશતી દીનની શાશતીવાલાં માશીક ચોપાંનેઆં વરશ ૧)નાં બાર આંક શાથે બાંધેલા.

રૂ૦)= પતેત પશેમાંની—બા—માંએની. અને તેતરીશ ફરેશતાઓના નામ અને કામ.

ઠેકાંણું—કોટમાં બજારગેટમાં મોતીશાના ધેરની સાંમે માંણેકજી મેહેરવાનજી દેશાઇની દુકાંણે તથા ચરનીવાડી વાહડીઆજીનાં આતશબેરાંમની સાંમે જમશેદજી શાપુરજી શુકરવાલાની દુકાંનપરથી અને ધોબીતલાવપર દર અઠવાડીએ શની અને આતવારે ચાલુ વાએજ કરીએચ તે જગા ઉપરથી મલશે.

લા૦ મોબેદ રતનજી ફરામજી કાંગા.